Chapter-5

પ્રકરણ પાંચમું

સંપાદનો

પ્રકરણ પાંચમું

સંપાદનો

1 કાન્તમાલા

કાન્તના સ્મારકગ્રન્થ તરીકે પ્રસિધ્ધ થયેલ "કાન્તમાલા"ના આઠ સમ્પાદકોમાંના એક બળવંતરાય ઠાકોર હતા ; પરન્તુ નટવરલાલ વીમાવાળા પરના ઠાકોરના પત્રો જોતાં જણાય છે કે સમ્પાદનની સૌથી વધુ જવાબદારી બીજા સમ્પાદકો કરતાં ઠાકોરે વધારે અદા કરી હતી, અને "કાન્તમાલા"માંનું સહી વગરનું નિવેદન – તેમાંના વિચારો અને ભાષાશૈલીથી[1] એ વાતની સાક્ષી પૂરે છે.

કેવળ કાન્તનાં કે કાન્ત વિષેનાં લખાણોનો "કાન્તમાલા"માં સંગ્રહ કરવાની યોજના સમ્પાદકોએ વિચારી નહોતી કેમકે એવા "તત્કાલ ઉભરા" ઠાલવવાનું "વલણ વર્તમાનપત્રો, માસિકો આદિને અનિવાર્ય હશે" એવી તેમની માન્યતા હતી ; તેમ જ એવા "તત્કાલ ઉભરા, લેખકનાં જડીભૂત અને અસંશુધ્ધ – ખરાં અને ખોટાં બંને – મતવ્યો અને સ્મરણોનાં જ અવિશ્વસનીય મિશ્રણ હોવાનો સંભવ પણ અનિવાર્ય છે"[2] એવું તેમને લાગ્યું હતું. આથી તેમણે બની શકે તેટલા વિવિધ (આશાસ્પદ, ઉદીયમાન, પ્રસિધ્ધ, નાના, મોટા, ભિન્ન ભિન્ન ઉંચી નીચી જાતિઓના વગેરે......) લેખકોનાં, બની શકે તેટલા વિવિધ વિષયો પરનાં લખાણોને "કાન્તમાલા"માં સંગૃહીત કરવાનું ધોરણ સ્વીકાર્યું હતું. એની પાછળનો સંપાદકોનો "ઊંચામાં ઊંચો આશય" ઉક્ત સ્મારક ગ્રંથને "ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી માનસના આ [= સ્મારકગ્રંથના પ્રકાશનસમયના] દાયકાના બલાબલના એક ગુટકા કે સૂક્ષ્મદેહી પ્રતિબિંબ જેવો", "ભવિષ્યના નિરીક્ષકોને એ પ્રકારે ઉપયોગી થઇ પડે"[3] તેવો બનાવવાનો હતો. આથી સંપાદકોએ કાન્તનાં અને કાન્ત વિષેનાં લખાણો કરતાં અન્ય લખાણોનો "કાન્ત-માલા"માં વધારે પ્રમાણમાં સમાવેશ કર્યો છે. એ લખાણો વાર્તાઓ,

વિવેચનાલેખો, ગંભીર વિષય પરના સંવાદો, ઇતિહાસ વિષયક તેમ જ અન્ય વિષયક લેખો, કાવ્યો વગેરે વિવિધ, લલિત તેમ જ લલિતેતર પ્રકારનાં છે.

સંપાદકોએ "કાન્તમાલા"ને વર્તમાનપત્રો અને માસિકોના જેવા વલણનો, એક રીતે, ભોગ નહિ બનવા દીધાનો દાવો કર્યો છે, પરંતુ, અન્યથા, એવાં પત્રોના જ દીપોત્સવી અંકોના જેવા વલણના ભોગ "કાન્તમાલા"ને બનવું પડ્યું છે. એવા દીપોત્સવી અંકો જેમ વાર્તા, કાવ્ય વગેરે વિવિધ પ્રકારની સાહિત્યસામગ્રી પીરસે છે, તેવું "કાન્તમાલા"એ પણ કર્યું છે. ફેર માત્ર એટલો જ કે દીપોત્સવી અંકોના સંપાદકો સ્વીકારેલી કૃતિઓને પોતાના અંકોમાં વિષયવાર વર્ગીકૃત સ્વરૂપે છાપતા નથી પરંતુ પોતાના જે તે અંકનું સળંગ વાચન વૈવિધ્યપૂર્ણ બને તેવા રોચક ક્રમમાં, મિશ્ર જથા રૂપે છાપવાનો ઉદ્દેશ રાખે છે; ત્યારે "કાન્તમાલા"માં કૃતિઓ વિષયવાર વર્ગીકરણ પ્રમાણેના ભિન્ન ભિન્ન જથાઓમાં છપાયેલી છે. કોઇ પણ માણસ વિષે તેની મૃત્યુવેળાએ કે એ વેળાના નિકટવર્તી સમયાવધિમાં અન્ય માણસો વડે ઉચ્ચારાયેલાં મંતવ્યોમાં ઠરેલ તટસ્થ શાસ્ત્રીય મૂલ્યાંકનદૃષ્ટિનો અભાવ હોવાની દલીલ "કાન્તમાલા"ના સમ્પાદકોએ દર્શાવી છે; તેથી ચિરંજીવ મૂલ્યવિહોણા ગણીને એવા લેખોને તેમણે "કાન્તમાલા"માં જાણીજોઈને લખાવ્યા ને લીધા નથી. તો બીજી બાજુ પ્રશ્ન થાય છે કે જે લખાણો "કાન્તમાલા"માં સમાવાયાં છે તેમાં કેટલાં સ્થાયી, સંગીન કે નોંધપાત્ર મૂલ્યવત્તાવાળાં છે? નિવેદનકારે નિવેદનમાં જ ઉત્તરસૂચક પ્રશ્ન પૂછી દીધો છે: "આમાંની સ્વતંત્ર ટૂંકી વાર્તાઓમાં હિંદની બીજી ભાષા - ભાષાઓમાં થોડા સમયમાં જ અનુવાદ થઇ જાય એવી કેટલી હશે . વારુ ?" સ્મારકગ્રંથને નોંધપાત્રપણે વૈવિધ્યસમૃદ્ધ બનાવવાની તમામ

ઇચ્છાઓ છતાં કેટલાંક પાસાંઓમાં એ નોંધપાત્રપણે ન્યૂન રહી ગયો છે એનો એકરાર પણ નિવેદનકારને[૪] કરવો પડ્યો છે.

કૃતિઓને વિષયવાર વર્ગીકૃત કરીને છાપી છે છતાં કેટલીક કૃતિઓ જે વિભાગમાં મુકાવી જોઇએ તેને બદલે અન્ય વિભાગમાં મુકાઇ ગઇ છે. "કવિ"નામક કૃતિ "બીજું ગદ્ય"ના વિભાગમાં મુકાઇ છે પરંતુ તે ઘટનાતત્ત્વના આલેખનવાળી હોઇ તેને વાર્તાઓના વિભાગમાં મૂકવી જોઇતી હતી. એ જ રીતે, "પારિજાતમંજરી અથવા જયશ્રી એ નાટકનો સાર" નામક કૃતિ ઉક્ત નાટકની સાહિત્યિક દૃષ્ટિએ, ચર્ચા કરનાર લેખ નથી પરંતુ એ માત્ર નાટકની કથાનો સાર જ આપનારું લખાણ છે, એટલે તેને પણ "બીજું ગદ્ય"ના વિભાગ કરતાં વાર્તાના વિભાગ સાથે વધુ સંબંધ છે એમ કહેવાય (એ લખાણ "બીજું ગદ્ય" વિભાગમાં મુકાયેલું છે.) ; છતાં એ સાર તે કાંઇ નવલિકા પણ ન કહેવાય, એટલે એને "ટૂંકી વાર્તાઓ"ના વિભાગમાં સમાવવાનું પણ ઉચિત ના ગણાય. "બીજું ગદ્ય"ના વિભાગમાં મુકાયેલી કૃતિ "સૂજનજૂનાં સ્વપ્નાં" પણ ઘટનાતત્ત્વના આલેખનવાળી કૃતિ છે. "બાલહૃદયનો આનંદ" નામક કૃતિ નથી નવલિકા, નથી ગંભીર વિવેચનની ચર્ચા કરતો લેખ ; એમાં એક બાળકના પોતાની માતા તરફના આનંદયુક્ત ભાવસ્પંદનોના વ્યતિરેકાત્મક શૈલીએ થયેલા ક્રિયામૂર્ત આલેખનવાળા વીસ ટૂચકાઓનો સમુચ્ચય કરવામાં આવેલો છે. "બીજું ગદ્ય"ના બીજા તમામ નમૂનાઓથી એ નમૂનો જુદો પડી જાય છે. આમ આ વિભાગ અત્યંત શિથિલ રીતે યોજાયેલો છે. ટૂંકમાં, કાન્તનાં ગદ્ય લખાણો અને અન્ય લેખકોની ટૂંકી વાર્તાઓ સિવાયનાં તેમ જ મોડેથી આવેલી ગદ્યકૃતિઓ સિવાયનાં તમામ ગદ્યલખાણોને "બીજું ગદ્ય" નામ આપી એક વિભાગમાં મૂકી દેવામાં આવ્યાં છે. . આથી "કાન્તમાલા"માં જેમ કૃતિઓને વિષયવાર વર્ગીકૃત કરીને છાપી છે તેમ ઉક્ત ગદ્યવિભાગમાં પણ ગદ્યકૃતિઓને વિવેચના, ઇતિહાસ

વગેરે ઉપવિભાગોમાં વહેંચીને છાપી શકાઇ હોત. એમ થયું હોત તો ગદ્યવિભાગ વધુ વ્યવસ્થિત બની શક્યો હોત. પદ્યવિભાગમાં પણ ઉપવિભાગો યોજી શકાયા હોત ; પણ ત્યાં યે એમ બન્યું નથી.

ગંભીર વિષયોને ચર્ચતા ચાર સંવાદો પણ ગદ્યવિભાગમાં મુકાયા છે, તે પરથી, તે જમાનાના વિદ્વાનોને એ પ્રકારના સાહિત્યસ્વરૂપમાં જે રસ હતો તેનો પણ ખ્યાલ આવે છે. હવે એ સ્વરૂપને અજમાવવામાં વિદ્વાનોને રસ રહ્યો લાગતો નથી. નિબંધમાં નિબંધના આલોચ્ય વિષય પરત્વે નિબંધકાર પોતાના દૃષ્ટિબિંદુને પ્રધાનસ્થાને સ્થાપીને બીજા દૃષ્ટિબિંદુઓનું એ ધોરણે નિરસન કરતો હોય છે. સંવાદમાં બધાં જ દૃષ્ટિબિંદુઓને એકસરખી કક્ષાએ વ્યક્ત થવાની, બધાં દૃષ્ટિબિંદુઓને પોતપોતાની સંગીનતાના પાયા ઉપર એકબીજા ઉપર સરસાઇ મેળવવાની સરખી તક મળે છે ; અને એ પધ્ધતિએ જે દૃષ્ટિબિંદુમાં સૌથી વધુ છત હોય તે બીજાઓ કરતાં પોતાની સત્યતાને અધિકતર સાબીત કરી શકે છે. જો કે કોઇ ગંભીર વિચાર કે સિધ્ધાંતને સ્થાપિત કરવાના ઉદ્દેશથી લખાયેલા સંવાદમાં પણ સંવાદકારનું જ મંતવ્ય સંવાદના અંતિમ નિર્ણયબિન્દુનું નિર્ણાયક બળ હોય છે. પરંતુ નિબંધકાર તર્કના પુરઃસંચારની પ્રત્યેક ક્ષણે નિબન્ધમાં હાજર હોય છે ત્યારે સંવાદકાર પડદા પાછળ રહીને સંવાદમાં વિચારોને જ પરસ્પર બોલવા દે છે અને એટલે અંશે તે વધુ તટસ્થ ને વસ્તુલક્ષી શૈલીનો આશ્રય લેનારો બનતો હોય છે. કથાકૃતિમાં જેમ ઘટનાતત્ત્વ ભાવકના રસનું કારણ બને છે તે રીતે સંવાદમાં પણ સામસામા વહેતા, અથડાતા, પલટાતા, સંયોજાતા, છૂટા પડતા ને અંતે સંવાદના અંતિમ નિર્ણયબિન્દુએ એક વિચારબિંદુમાં ઉપશમ પામતા ભિન્ન ભિન્ન સજીવન વિચારપ્રવાહોનું માનસપ્રક્રિયાનું તત્ત્વ પણ વાચકોના મનમાં રસ જગાડી શકે છે. વિચારપ્રવાહોનાં સંકુલ ઉત્કટ સંઘટ્ટનો યોજવાની બાબતમાં, એ વિચારપ્રવાહોમાંના દરેક વિચાર-

બિંદુને જ્યાં જેટલી જરૂર ત્યાં તેટલી ઉત્કટ કે અનુત્કટ માત્રામાં રજૂ કરવાની બાબતમાં, વિચારપ્રતીતિને નિરૂપ પાત્રોનાં પાત્રત્વને તેમની પોતપોતાની અનન્ય લાક્ષણિક વૈયક્તિકતામાં ઉઠાવ આપવાની બાબતમાં ઉપર્યુક્ત ચાર શબ્દકૃતિઓમાં કચાશો આવી ગઇ છે. પરંતુ તેમની અહીં વીગતે સમીક્ષા કરવાનું પ્રસ્તુત નથી કેમ કે ઠાકોરની સંપાદનપ્રવૃત્તિની જ આલોચના કરવાનો અહીં આશય છે. અહીં આટલું લખ્યું છે તે એટલું જ બતાવવા માટે કે ઠાકોરે ઉક્ત ચાર કૃતિઓને "કાન્તમાલા"માં છાપીને જે સાહિત્યસ્વરૂપને પ્રોત્સાહિત કર્યું હતું તે સ્વરૂપ હજી આજે પણ જો એના આદર્શરૂપમાં ખેડાય તો તેનાથી આપણું સાહિત્ય એક નવા – કદમાં કદાચ નાનકડા, પણ ગુણવત્તાએ સમૃદ્ધ – પાસાથી સંપન્ન થઇ શકે તેમ છે.

"કાન્તમાલા"ના પાંચ વિભાગોમાંનો એક માત્ર ચોથો વિભાગ – "કાન્તવિભાગ" –જ કાન્ત વિષેનો છે; અને એ એક જ વિભાગને બને તેટલો વિપુલસમૃદ્ધ બનાવીને – ને બીજા વિભાગો છોડી દઇને – "કાન્તમાલા"ની યોજના કરવી જોઇતી હતી. કાન્તનું કીમતી અપ્રગટ સાહિત્ય હોય તો તે પ્રગટ કરીને, કાન્તના સાહિત્યનો ભિન્ન ભિન્ન દૃષ્ટિબિન્દુઓ પ્રમાણેનો આલોચનાત્મક અભ્યાસ આપીને, ગુજરાતી સાહિત્ય પરની કાન્તની અસરોની સમીક્ષાઓ આપીને અને એમ જ કાન્તને વિષે અન્ય જે કંઇ કરવું ઘટિત તે કરીને જ કાન્તનું યોગ્ય સ્મારક રચી શકાય. "તત્કાલ ઉભરાઓ" અશાસ્ત્રીય, બિનઠરેલ ને તેથી સ્થાયી મૂલ્યવત્તા વગરના લાગતા હોય તો શાસ્ત્રીય, ઠરેલ, અભ્યાસપૂર્ણ, ને સ્થાયી મૂલ્યવત્તાવાળાં લખાણો મેળવવા જેટલો લઘુતમ આવશ્યક સમયાવધિ ઠરાવીને અધિકારી લેખકોની પાસેથી એવાં લખાણો મેળવવાનો પ્રબન્ધ થવો જોઇએ. સમયને ભોગે પણ ઇષ્ટતમ કાર્યસિદ્ધિ સાચવવાનો જ આગ્રહ પળાવો જોઇએ. એક યોગ્ય વસ્તુની પ્રાપ્તિના અસંભવનો ડર રાખીને બીજી અયોગ્યતર વસ્તુથી ચલાવી

લેવાનું વલણ વાજબી નથી. યોગ્ય સામગ્રીની પ્રાપ્તિના સફળ માર્ગો શોધી કાઢવાને બદલે સંપાદકોએ સ્મારકનું કામ ગમે તે પ્રકારે પતાવી નાખવા માટે સીધાસાદા તરત જે રસ્તાઓ હાથ લાગ્યા તે અખત્યાર કરી લીધા છે. એમ કરીને તેમણે "કાન્તમાલા" દ્વારા (અપવાદ રૂપે સમ ખાવા જેટલો "કાન્તવિભાગ" બાકાત રાખીને કહીએ તો) કાન્તનું નહીં પણ "ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી માનસના" એ "દાયકાના બલાબલ"નું સ્મારક ઘડી કાઢવામાં હેતુસિદ્ધિ થયેલી માની લીધી છે.

"કાન્તવિભાગ"માં કાન્તનાં ચૌદ અપ્રગટ કાવ્યો ; કાન્તના જીવન, વ્યક્તિત્વ વિષેના ત્રણ લેખો, કાન્તના એકસો સુમ્માળીશ પત્રોનાંથી ઉતારાઓ, કાન્તના જીવનના મુખ્ય બનાવોની સાલવારી તેમ જ "વિ. સં. ૧૮૧૮થી ચાવંડ નિવાસી પ્રશ્નોરા નાગર ભટ્ટ કુટુંબનો આંબો" પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. ઉક્ત કાવ્યોમાંથી એકે ય, કાન્તને, છે તેથી વિશેષ યશ અપાવે એવું નથી. એમાંનું પહેલું કાવ્ય કાન્તની કાવ્યસર્જનપ્રવૃત્તિના લગભગ આરંભકાળનું છે તો બીજું તેમના જીવનનું છેલ્લું કાવ્ય છે. એટલું ઐતિહાસિક મૂલ્ય એ કાવ્યોનું છે. કાન્તના જીવન વિષેના બે લેખો તેમના જીવનને ઉપરછલ્લો સ્પર્શ કરીને તેમના જીવન વિષેની માત્ર પ્રાથમિક માહિતી આપે છે. કાન્તના અંતરંગ તેમ જ બહિરંગને, એમના જીવનના એમના સાહિત્ય સાથેના સંબંધને સંપૂર્ણપણે સમજવા માટે એમના જીવનનો એથી પણો વધારે વ્યાપક અને ગહન ચિતાર અપાવો જોઇએ. ત્રીજો લેખ રમણભાઇ નીલકંઠ પરના કાન્તના કેટલાક પત્રોના સંકલનરૂપે રચાયેલો છે. એમાંના પત્રોનો, રમણભાઇ નીલકંઠના યોગ્ય આભારદર્શન સહિત, "મણિભાઇની પત્ર-ધારા"માં સમાવેશ થયો હોત તો ત્યાં તે, બીજા પત્રોના સંદર્ભમાં યથાયોગ્ય સ્થાનોએ ગોઠવાઇને કાન્તના માનસ ને જીવન પર પ્રકાશ પાડવાનું કાર્ય વધુ સારી રીતે બજાવી શક્યા હોત. "મણિભાઇની

પત્રધારા"માંના પત્રો કાલાનુક્રમે ગોઠવાયેલા છે તેથી એમાંથી કાન્તના સાહિત્યજીવન, ધર્મજીવન, વ્યવસાયજીવન વગેરે વિશેનો કાલક્રમિક રૂપનો ખ્યાલ મળી શકે છે. જોકે એ ખ્યાલ પણ સંપૂર્ણરૂપે મળી શકતો નથી કેમકે તેમાં છપાયા છે તે કરતાં ઘણા વધારે પત્રો એમાંથી બાકાત રહી ગયા છે. થોડો વધારે સમય લઇને ય બધા જ પ્રાપ્ય પત્રોને એકસાથે પ્રસિદ્ધ કર્યા હોત તો તેમાંથી જાણે કે પત્રાત્મક શૈલીએ લખાયેલી કાન્તની સળંગ આત્મ-કથાને વાંચ્યાનો વાચકોને અનુભવ થઇ શકત. જોકે એવો ઇષત્ અનુભવ, જે છપાયા છે તે પત્રો પરથી પણ થઇ રહે છે. કાન્તના જે પત્રોમાંની વીગતોનો સંદર્ભ એ પત્રોમાંથી જ સ્ફુટ ન થઇ રહે એમ હોય તો એને સ્ફુટ કરવા માટે, શક્ય હોય તો, એ પત્રોના પુરસ્સંધાન કે અનુસંધાનમાં લખાયેલા સામેની વ્યક્તિઓના પત્રો પણ, ઉચિત લાગે તે પ્રમાણે કાં તો પાદટીપમાં, કાં તો મુખ્ય પાઠ્યભાગમાં, છાપવા જોઇએ. તો જ "સળંગ આત્મકથા"નો ઉપર્યુક્ત રસ અવ્યવચ્છિન્નપણે વાચકોને મળી રહે.

આત્મકથા લખવાના હેતુથી જે માણસ આત્મકથા લખતો હોય છે તે પોતાના પરિણત જીવનની અમુક પળે બેસીને પોતાના ભૂતકાળ પર નજર ઠેરવે છે, પણ એ અતીત કાળની પ્રલંબતારૂપી ગેહરાઇ ધરાવતા સ્મરણનાં જલમાં ડૂબી ગયેલા કે ડૂબતા ગતકાલીન અનુભવો, સહવાસો, પદાર્થો વગેરે વિષેનાં તથ્યો વિકૃત કે પરિકૃત આકારોવાળો દેખાવ ધારણ કરી રહે છે. માણસના પોતાના ગમા-અણગમા પણ એ વિકરણ ને પરિવર્તનમાં અભાન ને સભાન - એમ બંને રીતની મદદ કરી રહે છે. પરંતુ પત્રોમાંની વીગતો તો જે તે પ્રસંગ વખતના, જે તે સંબદ્ધ માણસોના આઘાત પ્રત્યાઘાતોની તત્કાલ નોંધણી જેવી હોય છે. એટલે વર્ષો પછી પણ એ પત્રોરૂપી

દસ્તાવેજો એમનામાં નોંધાયેલી વીગતોને તેમના અસલ અવિકૃત સ્વરૂપમાં અકબંધ રજૂ કરી દઇ શકે છે. આત્મકથાકાર પોતાના જીવનકાળના જે સ્તબક પર બેસીને આત્મકથા લખતો હોય તે સ્તબકે તેના મનમાં ઉત્ક્રાંત કરેલા ઉદ્દેશો, ભાવનાઓ, મંતવ્યો, રુચિ-અપરુચિઓ, સદ્ગ્રહો-અપગ્રહો વગેરે અનુસાર ઘડાયેલા દૃષ્ટિકોણ પ્રમાણે પોતાના જીવનની વીગતોને પસંદ કરે છે, અવગણે છે, પ્રકાશે છે, આવરે છે ને તેમનું અર્થઘટન આપે છે. (એવાં અર્થઘટનો કરવાનું, પાત્રો અને પ્રસંગોના અન્યોન્યસંબંધોને તેમના સંદર્ભમાં બેસાડવાનું કાર્ય પત્રો વાચકો પર છોડી દે છે કેમકે એ પત્રો મૂળે અપરિચિત વાચકો માટે નહીં પણ પરિચિતો કે સંબંધીઓ માટે લખાયેલા હોવાથી એમાં ઘણી બાબતો અધ્યાહાર કે સૂચિત કે અલ્પોલ્લિખિત રૂપમાં હોય છે. વાચકો એથી પોતાની કલ્પનાને પ્રવૃત્ત થવા દેવાનો આનંદ મેળવી શકે છે.) પત્રો તો એવા કોઇ પુનઃસંસ્કાર (!) પામ્યા વિનાની વીગતોને તેમના યથાવત્ સ્વરૂપે રજૂ કરી દે છે: પાત્રોની માનસપ્રક્રિયાની ઝીણામાં ઝીણી રેખાઓને તે ઘણી વાર સ્પષ્ટ ઉઠાવ આપે છે: પાત્રોનાં તીવ્રમાં તીવ્ર મનોમંથનોને એ જેવાં હોય તેવાં, મૂળ રૂપમાં, આપણી સામે જીવંતપણે ખડાં કરી દે છે. આથી વિશાળ સંખ્યામાં પત્રો લખનારા ને એ પત્રોમાં પોતાની આંતરબાહ્ય સ્થિતિઓને વીગતે પ્રતિબિંબનારા માણસોના તમામ પત્રોની કાલાનુપૂર્વીય શ્રેણિ, આત્મકથાના કાર્યને તે માણસોએ લખેલી તેમની આત્મકથા કરતાં પણ ઘણીવાર વધારે સારી રીતે બજાવી શકે તેમ હોય છે. એ પત્રોની વણઝારમાં આપણે માણસને તેના જીવતરની ક્ષણક્ષણમાંથી પસાર થતો – ઉત્ક્રમતો સાક્ષાત્ નિહાળી શકીએ છીએ.

"મણિભાઇની પત્રધારા"માં પત્રો આખા ને આખા લેવાયા નથી; પત્રોના ઉતારા જ લેવાયા છે. પત્રોમાં બધી જ બાબતો ઘણીવાર જાહેર રસની નથી યે હોતી અને ત્યાં એવી બાબતોને

ગાળી નાખવાનું કાર્ય સંપાદકો માટે આવશ્યક બની રહે છે. પરંતુ માણસના ચારિત્ર્યને યથાતથ મૂલવવા માટે જરૂરી હોય તેવી બાબતોને પણ સંપાદકો ઘણીવાર અંગત માનાપમાનની લાગણીથી, પૂર્વગ્રહા-ભિગ્રહોથી, નીતિમત્તા વિષયક અપયશના લૌકિક હાઉથી ગાળી નાખતા હોય છે તે વાજબી નથી. પણ એવું ગેરવાજબી વલણ "કાન્તમાલા"માં ઠાકોરે અખત્યાર કર્યું જણાય છે.[૫] પત્રોના આરંભેથી સંબોધિત વ્યક્તિઓનાં નામ કાઢી લેવામાં આવ્યાં છે. ઘણીવાર સંબોધિત વ્યક્તિ સાથેનો પત્રલેખકનો સંબંધ પત્રલેખકને પત્રમાં લખવા માટેની વીગતોના હાનોપાદાનનો વિવેક, વીગતોને રજૂ કરવાનો દૃષ્ટિકોણ, વીગતોને તેમના આછીઘેરી રંગમાત્રામાં અને સ્પષ્ટ યા આડકતરી રીતે રજૂ કરવાની પદ્ધતિ વગેરે નક્કી કરી આપે છે. આથી પત્રોને આરંભે સંબોધિત વ્યક્તિઓનાં નામ પણ આપ્યાં હોય તો તે વ્યક્તિઓ સાથેના કાન્તના સંબંધોને અને એ સંબંધોના અનુલક્ષમાં એ પત્રોમાંનાં કાન્તનાં વલણો તથા વીગતોને મૂલવવાની વિશેષ તક મળી રહે. એકસોતેરમા પત્રના ઉતારામાં, કોના જૂના કાગળોનો નાશ કર્યાની વાત છે, એ કાગળોનો કેમ નાશ કરવો પડ્યો વગેરે બાબતો બિલકુલ સ્પષ્ટ થતી નથી અને એ બાબતો સિવાય એ ઉતારામાં બીજું કશું જાણવા જેવું રહેતું નથી. તેથી એવા ઉતારાઓ નિરર્થક પુરવાર થાય છે.

વાચકોની સુવિધા માટે અંગ્રેજી પત્રોના ગુજરાતી અનુવાદ પણ મૂળની સાથે છાપવામાં આવ્યા છે; અને એમાંના ઘણા અનુવાદો ઘૃણા છૂટે તેવા છે. ઘણી જગ્યાએ અંગ્રેજી વાક્યરચનાઓ પ્રમાણે કરેલી ગુજરાતી વાક્યરચનાઓ તો તોબાહ પોકરાવે તેવી છે.[૬] મૂળ અંગ્રેજી સંક્ષેપોક્તિઓને સ્થાને ગુજરાતીમાં દીર્ઘસૂત્રી અર્થો કર્યાના પણ દાખલા જોવા મળે છે.[૭]

પત્રોમાંની જે બાબતો સ્ફુટતર બનાવવા જેવી સંપાદકોને લાગી છે તે તેમણે મુખ્ય પાઠ્યભાગમાં મોટા કૌંસમાં સ્ફુટ કરી છે; તેમ જ કેટલાયે પત્રોમાંની કોઇ ને કોઇ વીગતોને વિષે તેમને જે કંઇ વિશેષ નોંધવા જેવું લાગ્યું છે તે તેમણે ત્યાં ત્યાં મુખ્ય પાઠ્યભાગથી અલગ એવી પૂરક નોંધો વડે દર્શાવ્યું છે. આ સ્પષ્ટીકરણો ને પૂરક નોંધો પાછળનો સંપાદકનો આશય હંમેશાં પ્રમાણિક ને સત્યાશ્રયી રહ્યો હશે કે કેમ તેની શંકા એક દાખલા પરથી ઊભી થાય છે. ઓગણીસમા પત્રના અનુવાદમાં નીચેનું લખાણ છે: ભલે એનું નામ "અદૃષ્ટિદર્શન" રાખો; અને [આ કાગળને અંતે] છેલ્લે પાને [હમણાં જ રચીને ઉતારી છે તે] "અગતિગમન"ની સાથે ભલે મોકલી દો [જ્ઞાનદર્શન નામા લેખમાં પ્રકટ થવાને.]" આ ઉતારો કાન્તના ઠાકોર પરના પત્રમાંથી છે અને એમાંથી એવો સૂર નીકળે છે કે ઠાકોરે પોતાના કાવ્યનું "અદૃષ્ટિદર્શન" શીર્ષક નક્કી કર્યું તે પછી કાન્તે "અગતિગમન" કાવ્ય લખ્યું હતું. ઠાકોરે અન્યત્ર[8] એમ જણાવ્યું છે કે તેમણે કાન્તના "અગતિગમન" શીર્ષક પરથી પોતાના (કાન્તના એ કાવ્ય કરતાં પહેલાં લખાયેલાં) કાવ્યનું "પ્રણયસ્મૃતિઓ" નામ બદલીને "અદૃષ્ટિદર્શન" નામ રાખ્યું હતું. આવો કોઇ અર્થ કે ઉપર જણાવ્યો છે તેવો કોઇ સૂર કાન્તના મૂળ અંગ્રેજી પત્રના ઉતારામાંથી નીકળતો નથી.

૨ આપણી કવિતાસમૃદ્ધિ

રા. વિ. પાઠક રાષ્ટ્રીય ચળવળમાં કેદ પકડાયા ત્યારે એમના માસિક "પ્રસ્થાન"ને ટેકા લેખે વિ. સં. ૧૯૮૫, ચૈત્રના અંકથી ઠાકોરે શરૂ કરેલાં અને તેઓ (રા. વિ. પા.) છૂટ્યા તે પછી પણ આશો, ૧૯૮૬ સુધી લગભગ નિયમિત રીતે ચાલુ રહેલાં કાવ્યો

અને તેમનાં વિવરણોની લેખમાળાનું ગ્રંથરૂપે પ્રકાશન તે "આપણી કવિતાસમૃદ્ધિ". "પ્રસ્થાન"માં વિવરણસહિત પ્રસિદ્ધ થયેલી ચાળીસ કૃતિઓમાંથી અગિયારેક કૃતિઓ છોડી દઇને તથા એકત્રીસેક નવી કૃતિઓ ઉમેરીને કુલ્લે સાઠેઠ કૃતિઓનો વિવરણસહિતનો સંચય સન ૧૯૩૧માં, પહેલી આવૃત્તિમાં કરવામાં આવ્યો હતો. પહેલી આવૃત્તિમાંના ઓગણીસ "મુકાબલે જુનવાણી ગગર ઉતરતા" કવિઓને છોડી દઇને, પંદર કવિઓની મૂળને બદલે બીજી – કદાચ "વધારે સારી વા લાક્ષણિક" – કૃતિઓ પસંદ કરીને તથા એકવીસ નવા કવિઓને ઉમેરીને સન ૧૯૩૯માં બીજી આવૃત્તિ બહાર પાડવામાં આવી હતી. બીજી આવૃત્તિમાં, એના પ્રકાશન વખતે જ, સંપાદકને કેટલીક "ખામીઓ" અને કેટલાંક "અસંતોષકારણો" જણાયાં હતાં ને તેના ઉપાય તરીકે "દલપતનર્મદથી માંડીને કલાપીના મૃત્યુ એટલે આરોહણ વસંતોત્સવ આદિના પ્રકાશન લગી"નો પહેલો વિભાગ ને "તે પછીની કવિતા"નો – "ઇ. ૧૯૨૫ લગી જન્મેલા કવિઓ"નો બીજો વિભાગ, એમ બે ભાગમાં, પુસ્તકની કુલ પચોતેર કવિઓની કુલ દોઢસો કૃતિઓવાળી ત્રીજી ને અંતિમ આવૃત્તિ ઇ. સ. ૧૯૪૫–૪૬માં બહાર પાડવાનો તેમણે વિચાર સેવ્યો હતો. પણ સન ૧૯૪૪માં બહાર પાડેલા મુદ્રણમાં ઠાકોરે બીજી આવૃત્તિમાંના ખબરદારના "પ્રિયાવર્ણન" કાવ્યને કાઢી નાખીને રા. વિ. પાઠકના "એક કારમી કહાણી" કાવ્યને નવું ઉમેરવા સિવાય બીજો કોઇ અગત્યનો ફેરફાર કાવ્યવિભાગમાં કર્યો નહોતો. એ જ કાવ્યવિભાગ સન ૧૯૪૬ના મુદ્રણમાં અકબંધ છપાયો હતો.

પહેલી આવૃત્તિમાં ઠાકોરે કાવ્યોને અવર્ગીકૃત રૂપે છાપ્યાં હતાં પણ બીજી આવૃત્તિમાં તેમણે કાવ્યોને વિષયવાર

નવ સ્તબકોમાં વહેંચીને છાપ્યાં હતાં અને એ પદ્ધતિ એમણે બંને મુદ્રણોમાં જારી રાખી હતી. પહેલી આવૃત્તિમાં કાવ્યવિભાગ ઉપરાંત "આપણી કવિતાસમૃદ્ધિ"ના સંપાદનકાર્યની સમજ આપતું નિવેદન; સંપાદકના કવિતાવિષયક વિચારોનો પરિચય કરાવતો પ્રવેશક, વર્ણોનાં ઉચ્ચારણ, શબ્દોની જોડણી, "કવિની છૂટ" વગેરે વિષેની કવિતાલેખનાર્થે નિયમાવલિ, અને સંપાદાયેલાં કાવ્યો ઉપરનું વિવરણ સમાવિષ્ટ થયેલાં હતાં. વિવરણમાં કવિઓ, તેમનાં કાવ્યોના વિષય વગેરે વિષેની સમજૂતી ઉપરાંત કાવ્યમાં વપરાયેલા છન્દોની સમજ આપવાને નિમિત્તે, પાદટીપમાં, એ છંદો વિષેની સર્વસામાન્ય વીગતવાર છણાવટ પણ આપવામાં આવી હતી. પહેલી આવૃત્તિમાંનાં નિવેદન, પ્રવેશક, વિવરણવિભાગમાંની પાદટીપોમાંની છંદશ્ચર્ચા બીજી આવૃત્તિમાંથી કાઢી નાખવામાં આવ્યાં હતાં; અને એક નવું નિવેદન – જોકે, આગલી આવૃત્તિનાં નિવેદન અને પ્રવેશકમાંના કેટલાક અંશોને સમાવીને તૈયાર કરાયેલું – જોડવામાં આવ્યું હતું. પહેલી આવૃત્તિના ઉપર્યુક્ત અંશો બીજી આવૃત્તિમાંથી પડતા મૂકાયા બદલ ફરિયાદો આવતાં ઠાકોરે સન ૧૯૪૪ના મુદ્રણમાં બે પરિશિષ્ટો ઉમેરી એ ખોટ પૂરવાનો પ્રયત્ન કર્યો હતો. "પ્રાથમિક પિંગલ (અપૂર્ણ)" નામનું પહેલું પરિશિષ્ટ પહેલી આવૃત્તિમાંની છંદશ્ચર્ચા કરતાં વધારે વ્યવસ્થિત રૂપે થયેલું ને તેથી ઘટતા ફેરફારો સહિતનું છંદોવિષયક લખાણ હતું. ૧૯૪૬માં ઠાકોરે "પદો અને પદ્યોના આખા વિષય ઉપર શાસ્ત્રીય વ્યવસ્થાથી વ્યાખ્યાઓ અને દૃષ્ટાંતો" આપતું "પિંગલપાઠ" નામનું પુસ્તક નવેસર તૈયાર કરવા માંડ્યું હતું (જે થોડુંક જ લખાઇને અધૂરું રહી ગયું હતું) તેથી એ વર્ષના મુદ્રણમાંથી તેમણે પિંગલવિષયક પરિશિષ્ટ કાઢી નાખ્યું હતું. બીજું પરિશિષ્ટ પહેલી ને બીજી આવૃત્તિમાંના પ્રવેશક તથા નિવેદનમાંના મુખ્ય મુદ્દાઓની સંક્ષિપ્ત ચર્ચા રૂપે તૈયાર થયેલું હતું અને તે ૧૯૪૬ના મુદ્રણમાં પણ સમાવેશાયેલું હતું.

વિવરણોમાં પણ ઠાકોરે એક યા બીજે પ્રકાશન પ્રસંગે ક્યાંક ક્યાંક કેટલાક ફેરફારો કરેલા છે પણ તેનાથી ઠાકોરના કવિતા-વિષયક એકંદર દૃષ્ટિકોણમાં ખાસ કોઇ ફેરફાર પડી જતો દેખાતો નથી. પહેલી અને બીજી આવૃત્તિમાં ઠાકોરે દરેક કાવ્યના વિવરણને મથાળે તે કાવ્યના છંદનું નામ આપેલું છે પણ પછીનાં મુદ્રણોમાં ઠાકોરે છંદોનામોને એ રીતે ઉલ્લેખ્યાં નથી. સુંદરમ્‌ના "એક કવિતાપ્રવાસ-માંથી" કાવ્યના વિવરણમાં તેમણે બીજી આવૃત્તિમાં સુંદરમ્‌ના લેખક તરીકેના ઉદયનો ઇષત્ ઉલ્લેખ કર્યો છે; પછીનાં મુદ્રણોમાં તેમણે બીજા નવીનો વિષે તેમ જ સુંદરમ્ અને ઉમાશંકરની આંતરપ્રાંતીય ખ્યાતિની શક્યતા વિષે લંબાણથી લખ્યું છે. "ગિરનાર" શબ્દનો બીજી આવૃત્તિમાં એક લક્ષ્યાર્થ અપાયો છે; પછીનાં મુદ્રણોમાં બે લક્ષ્યાર્થ બતાવાયા છે, તદુપરાંત બોટાદકરની કવિતા પર વીગતે ટીકા પણ અપાઇ છે. "કંતાતૂ" શબ્દમાં પ્રયોજાયેલા યાંત્રિક ઉપમાનની ટીકા પછીનાં મુદ્રણોમાં નવી ઉમેરાયેલી છે; "સ્મરણસંહિતા" વિષેની ટીકા પણ એક બે નવા મુદ્દાઓના ઉમેરણ સહિત વિસ્તારેલા રૂપમાં પછીનાં મુદ્રણોમાં અપાયેલી છે; તો "ચકોર"ના અર્થની સ્પષ્ટતાનાં તથા "પગથિયાં" – "તરવું" વચ્ચેની વિસંવાદિતાની ટીકાનાં વાક્યો ૧૯૪૪ના મુદ્રણમાં હતાં પણ ૧૯૪૬ના મુદ્રણમાંથી પડતાં મુકાયાં હતાં. બીજી આવૃત્તિમાંના વિધાન – "ન. ભો. દિ...ની પદ્યરચનાઓ "ઠરડાય" છે, ... એમ એક પણ અધિકારી વિવેચક સ્વીકારશે નહીં" –ને પછીનાં મુદ્રણોમાં "ન. ભો. દિ.ની કવિતા ઠરડાય છે, ... એમ કોઇક જ દાખલામાં સ્વીકારવું પડે કદાચ"– એ રૂપે બદલીને મૂકવામાં આવ્યું હતું. બાદરાયણકૃત "કવિને" કાવ્યના વિવરણના બે ફકરાઓના બીજી આવૃત્તિમાંના ક્રમને પછીનાં મુદ્રણોમાં બદલી નાખવામાં આવ્યો હતો. ઉમાશંકરકૃત "નવાં નવાણ" કાવ્યના

વિવરણનો બીજી આવૃત્તિમાંનો એક અંશ પછીનાં મુદ્રણોમાં છોડી દેવાયો હતો; તો, એ મુદ્રણોમાં, એ વિવરણમાં એકબે નવા મુદ્દા ઉમેરાયા પણ હતા. બીજી આવૃત્તિમાં કોલકકૃત "અમે કવિ"માં ઠાકોરે કેટલોક પાઠફેર કર્યો હતો અને મૂળ તથા નવા પાઠોમાં કયો પાઠ સારો તેનો નિર્ણય કરવાનું તેમણે વાચકો પર છોડી દીધું હતું. ૧૯૪૪ના મુદ્રણમાં ઠાકોરે એ કાવ્યને તેના મૂળ પાઠમાં છાપ્યું હતું પણ વિવરણમાં તેમણે આગલી આવૃત્તિમાંના પાઠફેર વિષે ખુલાસો કર્યો હતો : ".... એ પાઠમાં થોડા ફેરફાર કરી કૃતિને વધારે વિશદ અને અસરકારક બનાવવા પ્રયત્ન કરેલો. બેશક, મ્હારો એ પ્રયત્ન વા પ્રયોગ બહુ સારો ગણાય એવો ન્હોતો થયો". ૧૯૪૬ના મુદ્રણમાંના વિવરણમાંથી ઠાકોરે ઉક્ત એકરારનાં વચનોને કાઢી નાખ્યાં હતાં.

દલપતરામકૃત "ગુજરાતી ભાષા વિષે" કાવ્યના વિવરણમાં, પહેલી તથા બીજી આવૃત્તિમાં, ઠાકોરે પ્રેમાનંદનો દાખલો આપીને આપણી પ્રજામાંનાં પ્રિય ને રોચક તથાપિ અશાસ્ત્રીય, અનૈતિહાસિક ને અસત્ય એવાં મંતવ્યોમાંની મિથ્યાભિમાની માન્યતા તથા પ્રજાભિમતાની ભાવનાના નવયુગીન ઉદયનાં તત્ત્વોને છણ્યાં હતાં પરંતુ પછીનાં મુદ્રણોમાંથી એ છણાવટને ગાળી નાખવામાં આવી હતી. પહેલી અને બીજી આવૃત્તિમાં ન્હાનાલાલકૃત "વીરની વિદાય" કાવ્યના વિવરણમાંનો અસરતાની છાપવાળી કવિતાને સાચી કવિતા ઠરાવતો ફકરો પછીનાં મુદ્રણોમાંથી કાઢી નાખવામાં આવ્યો હતો. કાન્તકૃત "સાગર અને શશી" કાવ્યના વિવરણમાં આર્નોલ્ડનો જે ઉલ્લેખ પહેલી તથા બીજી આવૃત્તિમાં અને ૧૯૪૪ના મુદ્રણમાં મૂકવામાં નહોતો આવ્યો તે ૧૯૪૬ના મુદ્રણમાં નવો ઉમેરવામાં આવ્યો હતો. ઉમાશંકરકૃત "બળતાં પાણી" વિષે ઠાકોરે બીજી આવૃત્તિમાં વિસ્તારથી વિવરણ

આપ્યું હતું. ૧૯૪૪ના મુદ્રણ વખતે એને સારા એવા પ્રમાણમાં ટૂંકાવી નાખવામાં આવ્યું હતું અને એથી યે ઘણા વધારે સંક્ષિપ્ત રૂપમાં એ ૧૯૪૬ના મુદ્રણ વખતે ટૂંકાવી દેવાયું હતું. આમ કરવા જતાં વૃત્તિમય ભાવાભાસ, કુદરત પરથી બોધ, તથ્યના દોષો વગેરે મુદ્દાઓને જતા કરવા પડ્યા હતા. બીજી આવૃત્તિમાં ઠાકોરે કહ્યું હતું : સામાજિક પ્રશ્નો પરત્વેની વાદાવાદી સાહિત્ય લેખે મૂલ્યાંકનમાં ચૂકયા વગર રહે નહીં ... પરિણામે જે.....વાદાવાદી સાહિત્યમાં પણ દેખાયા વિના ન રહે, તેમાંની ઘણીને (ખરી રીતે) સાહિત્ય-વિષયક ગણવી ન જોઇએ કેમકે તે આ જીવન ઝઘડાઓમાંના પક્ષાપક્ષી આદિનાં જ પ્રતિબિંબ હોય છે". આ વિધાન તેમણે પછીનાં મુદ્રણોમાંથી છેકી દીધું હતું ને "સામાજિક પ્રશ્નો પરત્વેની વાદાવાદી સાહિત્યના મૂલ્યાંકનમાં પણ ચૂકે જ" એ વલણનો જ તેમણે ત્યાં વધુ ભારપૂર્વક પુનરુચ્ચાર કર્યો હતો.

ઉપરના દાખલાઓ જોતાં, વિવરણમાં ઠાકોરે કરેલા ફેરફારોના સ્વરૂપનો કંઇક ખ્યાલ બાંધી શકાય છે. ક્યારેક તેઓ પહેલાંના કોઇક મુદ્દાઓ છોડી દે છે, તો ક્યારેક તેઓ નવા મુદ્દાઓ ઉમેરે છે ; ક્યારેક તેઓ મૂળના મુદ્દાને સંક્ષેપે છે તો ક્યારેક વિસ્તારે છે ; ક્યારેક તેઓ મૂળના મંતવ્યની ઉત્કટ રજૂઆત સાધે છે, તો ક્યારેક તેઓ તેની અભિવ્યક્તિને મોળી બનાવી દે છે. ઠાકોરની વિચારપ્રવૃત્તિ જુદાજુદા વખતે કયી કયી દિશાઓમાં વહેતી હતી, અથવા ઠાકોરના વિચારજગતમાં કયેકયે વખતે કયાંકયાં વિચારબિંદુઓ પ્રધાન કે ગૌણ સ્થાન ભોગવતાં હતાં, અથવા કયાં નવાં વિચાર-બિંદુઓનો ઉદય થયો હતો ને કયાં વિચારબિંદુઓનો પરિહાર થયો હતો તેનું દિગ્દર્શન એ ફેરફારોમાંથી મળી રહે છે. ઠાકોર ક્યારેક કોઇ મુદ્દામાંની તેમની માન્યતા ગુમાવવાને કારણે એ મુદ્દાને છોડી

હતા ; ક્યારેક એ મુદ્દામાંની માન્યતા નષ્ટ થવાને કારણ નહીં પણ એ મુદ્દો અપ્રસ્તુત કે અનાવશ્યક લાગવાને કારણે ત્યજી દેવાતો ; ક્યારેક, સંભવત:, પોતાની માન્યતાનો બચાવ નહીં કરી શકવાને કારણે તેઓ તદ્વિષયક મુદ્દાની ચર્ચાને તિલાંજલિ આપતા, આ જુદો વળાંક આપી દેતા. તાજું વાંચન, વિચારણા અને માહિતીપ્રાપ્તિને પણ નવાંનવાં પ્રેરણો ને પુનર્મૂલ્યાંકનોને માટે જવાબદાર ઠેરવી શકાય. ઠાકોરે ક્યાંક ક્યાંક કેવળ શાબ્દિક પ્રકારનો, ક્યાંકક્યાંક મુદ્દાઓના ક્રમને લગતો પણ ફેરફાર કર્યો છે ; પણ એવા ફેરફારને અંતિમમાન્ય રૂપનો ગણી લઈએ તો ચાલે. કાવ્યોના મૂળ પાઠમાં ફેરફાર કરવાની ઠાકોરને ટેવ હતી ને ૧૯૪૪ના મુદ્રણમાં મનુ હ. દવેકૃત "કવિતા તકરાર"ના વિવરણમાં, તેમણે વિદ્યાર્થીઓને પણ એવી ટેવ કેળવવાનો અનુરોધ કર્યો હતો ; તથા બીજી આવૃત્તિનાં તેમ જ પછીનાં મુદ્રણોમાં પત્નીકૃત "પ્રસ્તાવના"-ના વિવરણમાં તેમણે એ વલણને યોગ્ય ઠરાવવાનો પ્રયત્ન કર્યો હતો. અભ્યાસીનાં અંગત ટાંચણોમાં એવા ફેરફાર સહિતના કાવ્ય-પાઠ નોંધવાનું યોગ્ય લેખી શકાય. પણ સંપાદકે એવા ફેરફારવાળા કાવ્યપાઠોને પુસ્તકના મુખ્ય પાઠ્યભાગમાં નહીં છાપવા જોઈએ. ત્યાં તેમણે કાવ્યના મૂળ પાઠને છાપીને, અમાં એને જે કંઈ ફેરફાર કરવા જેવો લાગે તે તેણે વિવરણના વિભાગમાં સૂચવવા જોઈએ.

પહેલી આવૃત્તિમાં "સાગર"નું "અન્ત:શ્રુતિ" કાવ્ય લેવાયું હતું પણ તેમાંના "કમનસીબ" શબ્દની ટીકાને લીધે તેમની અને ઠાકોરની વચ્ચે થોડીક પત્રગત ટપાટપી થઈ હતી. એથી કદાચ ઠાકોરે એ કાવ્યને બીજી આવૃત્તિમાંથી પડતું મૂક્યું હતું. જોકે પહેલી આવૃત્તિમાંથી પડતાં મુકાયેલાં કાવ્યોને તેમણે "મુકાબલે ઉતરતા અગર જુનવાણી" કવિઓનાં કાવ્યો ગણીને પડતાં મૂક્યાં

હતાં એવો તેમનો ખુલાસો હતો. પણ એ ખુલાસો એકંદરે વાજબી લાગતો નથી કેમકે ઠાકોરે ધાર્યું હોત તો તેઓ સાગરનું "અન્તઃશ્રુતિ" કરતાં વધારે સારૂં કાવ્ય લઇ શક્યા હોત ને એવાં ચાઠિયાનાં કાવ્યો સાગરના સંગ્રહમાં હોવાનો તેમને ખ્યાલ પણ હતો. વળી, બીજી આવૃત્તિ ને પછીનાં મુદ્રણોમાં બીજા અવિખ્યાત કવિઓની સામાન્ય કૃતિઓ સમાવાઇ હતી તે જોતાં પણ ઠાકોરનો ઉક્ત ખુલાસો બરાબર લાગતો નથી. હંસરાજ કાનાબારનાં પદ્યોને તેમણે પહેલી અને બીજી આવૃત્તિમાં તથા તે પછીના પહેલા મુદ્રણમાં મોટે ભાગે ખોચડિયાં, અને વિષયના ઐક્ય વિનાનાં તથા સારી માંડણી વિનાનાં કહ્યાં હતાં અને બીજા મુદ્રણમાં એ કવિને તેમણે કવિ નહીં પણ ગવૈયા તરીકે બિરદાવવા તૈયારી દેખાડી હતી ; અને છતાં, એ કવિની "ગરીબોનાં હૈયાં" નામક જે કૃતિ પહેલી આવૃત્તિમાં લેવાઇ હતી તે બીજી આવૃત્તિ અને પછીનાં મુદ્રણોમાં પણ કાયમ રહી હતી. ટીકાની સગવડ પડે તે ખાતર અથવા વિદ્યાર્થીઓને સામાન્ય કાવ્યદોષો સરળતાથી ઉદાહૃત કરી આપી શકાય તે ખાતર[9] અથવા આશાસ્પદ ઉદીયમાનોને પ્રોત્સાહન મળે તે ખાતર[10] સંપાદકે ઉતરતા કવિઓને અથવા ઉતરતી રચનાઓને સંપાદનમાં સ્થાન આપ્યું હોય ; તો તેમણે, પોતાની લાક્ષણિક શૈલીથી સાહિત્યમાં સ્થાનવિશેષના અધિકારી નીવડેલા કવિઓને પણ સંપાદનમાં સ્થાન આપવું જોઇએ. એથી એમનું પુસ્તક સાહિત્યનું પ્રતિનિધિપુસ્તક પણ બની શકે. ગુજરાતી સાહિત્યમાંના સાગરના સ્થાનવિશેષથી ઠાકોર વાકેફ હતા એ તેમના, "પ્રસ્થાન"માંના સાગરકૃત "અંતઃશ્રુતિ" વિષેના વિવરણ પરથી ફલિત થાય છે. ગમે તેમ, પણ, ગુજરાતી ભાષાની ચઢિયાતી કૃતિઓની સાથે ઉતરતી કૃતિઓને પણ સ્થાન મળવાથી ઠાકોર દ્વારા "આપણી

કવિતાસમૃદ્ધિ"માં આપણા કવિતાદારિદ્ર્યનું પણ દર્શન કરાવાઇ ગયું છે ! સામાન્ય રીતે, પ્રતિનિધિરૂપ સંગ્રહગ્રંથોમાં સાહિત્યની ચુનંદી ઉત્તમ કૃતિઓને જ લેવાનો ધારો હોય છે પણ ઠાકોરે હિંમતલાલ ગ. અંજારિયાના "કાવ્યમાધુર્ય"માં પોતાને સ્થાન મળવાથી મળેલા પ્રોત્સાહનનો ને મળેલી પ્રસિદ્ધિનો ઉપકારબદલો વાળવા પોતાના ગ્રંથમાં પણ ઊભરતા કવિઓને પ્રોત્સાહનાર્થે સ્થાન આપ્યાનો દાવો કર્યો છે ; તેમ જ સીખાઉને સરળતાથી યોગ્ય માર્ગદર્શન આપી શકાય તે માટે નબળી કૃતિઓ પસંદ કરી હોવાનો ખુલાસો કર્યો છે. આવા દાવા તેમ જ ખુલાસાની પાછળ, ઉત્તમાનુત્તમની વિવેકશક્તિના અભાવને[૧૧] કે કાવ્યપસંદગીમાં અણત્યાર થઇ ગયેલાં સાહિત્યેતર અંગત કારણોને સંતાડી દઇ શકાય તેમ છે. "આપણી કવિતાસમૃદ્ધિ"માં સ્થાન પામ્યા પછી કેટલાક નવીનોએ સાહિત્યક્ષેત્રે પ્રતિષ્ઠા હાંસલ કરીને ઠાકોરે કરેલી તેમની પસંદગીને પણ તેમણે પ્રતિષ્ઠા અપાવી હતી: એવી મતલબનું વિજયમાન લેવાનું ઠાકોર ભૂલ્યા નથી ;[૧૨] પણ બીજી તરફ, પ્રતિષ્ઠાઇ કવિઓને નાપસંદ કરવામાં ખાધેલી ભૂલથાપનો અફસોસ કરવાનું તો તેઓ સદા ભૂલી જ ગયા છે. આમ, સંપાદનને દરેક અર્વાચીન દાયકાનું પ્રતિનિધિપુસ્તક બનાવવાનો તથા માત્ર "સુશ્લિષ્ટ કલાન્વિત ચિરંજીવ કલ્પના-વિચારણા-ભાવની મ્હોરછાપ"વાળી જ કૃતિઓને પસંદ કરવાનો ઠાકોરનો આશય સફળ થયો લાગતો નથી. વળી, "ઉઘાડો શૃંગાર, બેલગામ જુસ્સા, નિઃસત્ત્વ વિષાદ" વગેરે તરફ અણગમો હોવાથી ઠાકોરે એવા વિષયોની કૃતિઓને પણ સંપાદનમાં લીધી નથી એમ તેમણે જણાવ્યું છે.[૧૩]

લે હંટે 'Imagination and Fancy' માં જાણી જોઇને ત્યારના તમામ વિદ્યમાન, અને નિકટવર્તી સમયમાં સદ્‌ગત થયેલા કેટલાક કવિઓને નહીં લેવાનું ને એ સિવાયના કવિઓની ઉત્તમ કૃતિઓને જ વિવરણસહિત છાપવાનું નક્કી કર્યું હતું. વિદ્યમાનો ને નિકટવર્તી સમયમાં સદ્‌ગત થયેલાઓ વિષે તટસ્થ સ્થાયી સાચું મૂલ્યાંકન આપવાનું કામ કપરું છે એમ જાણવા છતાં ઠાકોરે અન્ય હેતુઓ અનુસાર લે હંટથી જુદો માર્ગ અપનાવ્યો હતો. પરંતુ લે હંટનાં આશયો ને ગ્રંથયોજના સાથે ઠાકોરનાં આશયો ને ગ્રંથયોજના કંઇક મળતાં આવે છે ખરાં. કવિતાનાં સ્વરૂપ ને આવશ્યક તત્ત્વો વિષે વાચકોમાં સૂઝ ઊઘડે ; કવિતા વિષેના પ્રશ્નોના ઉત્તરોને આપમેળે શોધવાની ક્ષમતા તેઓ પ્રાપ્ત કરે એવા હેતુથી લે હંટે પોતાનાં કવિતાવિષયક મંતવ્યોને આલેખતો એક પ્રવેશક પોતાના પુસ્તકમાં જોડવાનું નક્કી કર્યું હતું. કઈ કવિતા સૌથી વધુ કાવ્યત્વમયી, કે કલ્પના અને તરંગના ઉત્કૃષ્ટ આલેખનવાળી ગણાવાને પાત્ર છે તે બતાવવા લે હંટે પોતાના ગ્રંથની રચના કરી હતી. વાચકો એવા વધારે ગ્રંથોની માંગણી કરે તો તેને સંતોષવાનું પણ લે હંટે વચન આપ્યું હતું.[૧૪] "આપણી કવિતાસમૃદ્ધિ"ની પહેલી આવૃત્તિમાંનાં નિવેદન ને પ્રવેશક વાંચવાથી, ઠાકોરને પણ લે હંટના જેવા આશયો હતા તે ફલિત થયા વિના રહેશે નહીં.[૧૫]

ઠાકોરના આશયોમાંના એક અંશને હવે અહીં, તેમનાં વિવરણોના સ્વરૂપને સમજવા માટે, ઉતારું છું : " ...કવિતાસંગ્રહ કરવો, દરેક કૃતિનું સાથે વિવરણ પણ આપવું, અંગત રુચિ અરુચિને અલગ રાખી કૃતિના ગુણદોષ સમજાય એમ સકારણ વિવરણ લખવું. વાદાવાદી બનતાં લગી તજીને પણ મત દેવામાં તો ખચાવું નહીં, ગોળગોળ પણ ન લખવું, અને મત કરતાં તેનાં કારણોને મુખ્ય ગણવાં ;

અલંકારો, સરણામણીઓ તથા તે માટે ઉતારા, શબ્દવ્યુત્પત્તિ, કવિનાં સામાન્ય લક્ષણો, વગેરે વિષયોથી ન લક્ષચાતાં ચોપડીના કદની મર્યાદાઓને વળગી રહેવું, કૃતિને અને તેના અર્થને જ પ્રધાન ગણવાં....."[16] વિવરણ માટે સંપાદકે નક્કી કરેલું ધોરણ સમુચિત છે પણ તેઓ તેનું યથાર્થ પાલન કરી શક્યા હોય તેમ લાગતું નથી.[17]

ચર્ચમાણ કાવ્યને કેવળ કાવ્ય તરીકે સમજવા – આસ્વાદવા કામ લાગે તેટલી જ અને તેટલીયે માહિતી સંપાદકે વિવરણોમાં આપી નથી. સંપાદકે વિવરણમાં મોટે ભાગે કાવ્યગત શબ્દોનાં અર્થસ્પષ્ટીકરણો ને પંક્તિઓમાંનાં વક્તવ્યનાં વિચારવિસ્તરણો આપ્યાં છે. મત કરતાં મતની કારણોને મુખ્ય ગણવાનો સંકલ્પ કર્યા છતાં ઠાકોરે સુન્દરમ્કૃત "એક કવિતાપ્રવાસમાંથી" કાવ્યમાંના "હૃદયસોંઢો" રૂપકને વિચિત્ર કહ્યું છે પણ એ કેવી રીતે વિચિત્ર છે તે સમજાવ્યું નથી. એ જ રીતે તેમણે બાદરાયણકૃત કાવ્ય "કવિને"-માંની શબ્દપસંદગીને કાચી કહી છે પણ એ શી રીતે કાચી છે તે ચર્ચ્યું નથી. એમ જ કોલકકૃત "અમે કવિ"માં "આ સત્ય .. એવું સરખું જ કવાય છે" એવું વિધાન કરીને સંપાદક રહી ગયા છે પણ તેમણે "એવું સરખું" એટલે કેવું તેની સ્પષ્ટતા કરી નથી. ઉમાશંકરકૃત "નવાં નવાણ"ના વિવરણમાં તેમણે "બેમાં કયું [કાવ્ય] ચડે ? શા કારણથી ?" એવો પ્રશ્ન પૂછ્યો છે પણ એનો ઉત્તર આપ્યો નથી. પૃ. ૨. "દલવાડી"ની "આસુરાજ" કૃતિને તેમણે "જોડેલી" અને "કૃત્રિમ" કહી છે પણ એ કેવી રીતે તેનો ભેદ પકડવાનું કામ તેમણે અભ્યાસીઓ પર નાખી દીધું છે. આવા બીજા દાખલાઓ પરથી કહીશકાય કે ગોળગોળ નહિ લખવાના નિર્ણયને પણ સંપાદક વળગી રહી શક્યા નથી. સુંદરમ્કૃત "એક કવિતાપ્રવાસમાંથી" કાવ્યના વિવરણમાં તેમણે "આજુક" શબ્દમાંના "ક" પ્રત્યયની ચર્ચા કરી છે ; દલપતરામના "ગુજરાતી ભાષા વિશે" કાવ્યની

ચર્ચામાં તેમણે "અડુંપડું" શબ્દ વિશે, આપણા ભાષાવિજ્ઞાન વિશે, સર્જકની તુલનાએ વૈયાકરણના સ્થાન વિશે પણ લખ્યું છે. આમ, શબ્દવ્યુત્પત્તિ જેવી ભાષાશાસ્ત્રીય બાબતોને જતી કરવાનો નિર્ણય લેનાર સંપાદકે વિવરણોમાં ભાષાશાસ્ત્રીય મુદ્દાઓને છેડવાનો લોભ જતો કર્યો નથી. અલંકારોની ચર્ચા પણ ઠાકોરે વિવરણોમાં કરી છે. "એક કવિતાપ્રવાસમાંથી"માંનાં યાંત્રિક ઉપમાનને સંપાદકે વિચિત્ર કહ્યાં છે તે યંત્રવિષયક ઉપમાનો તરફના તેમના પૂર્વગ્રહ કે અંગત અરુચિને લઇને હોય એમ બનવાજોગ છે. ઉમાશંકરકૃત "બળતાં પાણી" અને ઉપવાસીકૃત "મિલન આતુરાં"ની ટીકાઓ પણ સંપાદકનાં અંગત સાહિત્યેતર વલણોની નીપજ છે એમ કહી શકાય. એમ જ સંપાદકે "સાગર અને શશી" પરના વિવરણમાં સ્વીડનબોર્ગની ટીકા કરી છે. ઉમાશંકરના "નિશીથ"માંની વિષયપસંદગીની ઠાકોરે કરેલી ટીકાને પણ કોઇ સાહિત્યેતર વલણમાંથી ઉદ્ભવેલી ગણે તો નવાઇ નહીં. આનંદશંકર ધ્રુવ સાથે તથા હંસરાજ કાનાબાર સાથે પડેલા અંગત પ્રસંગોની વાત પણ સંપાદકે અનુક્રમે "એક કવિતાપ્રવાસ-માંથી" અને "ગરીબોનાં હૈયાં" કાવ્યોના વિવરણમાં છેડી છે.

ઠાકોર, નિમિત્ત મળ્યે, પ્રસ્તુત ચર્ચાનો સીધો દોર છોડીને ઘણીવાર પોતાનાં અભીષ્ટ કાવ્યતત્ત્વમીમાંસાનાં મંતવ્યો રજૂ કરવા માંડે છે; ઘણીવાર કવિઓની સમગ્ર કવિતાપ્રવૃત્તિની કેટલીક વિશિષ્ટ હકીકતો આપવા માંડે છે તેમ જ એમની કવિતાની એકંદર મૂલ્યવત્તા વિશેના પોતાના અભિપ્રાયો પણ ટાંકવા બેસી જાય છે; ઘણીવાર પ્રાચીન અને અર્વાચીન સાહિત્યપ્રવાહો અને સાહિત્યપ્રભાવક પરિબળોની ચર્ચામાં પણ ઊતરી પડે છે; ઘણીવાર પોતાનાં પ્રકાશિત કે પ્રકાશનાર્થ પુસ્તકોના સંદર્ભો પણ આપી રહે છે. ઘણીવાર રાજકારણ, ઇતિહાસ વગેરેને લગતી – સાહિત્યેતર માહિતી પણ આપવા બેસી

જાય છે. "આપણી કવિતાસમૃદ્ધિ"નાં વિવરણો વાંચનારને પણ ઠાકોરના અગત્યના કાવ્યસિદ્ધાંતોનો ખ્યાલ આવ્યા વગર નહીં રહે. વિચારપ્રધાનતા, મૂર્તતા, કલ્પના, તરંગ, તર્ક, અલંકાર, કાવ્યોચિત શબ્દપ્રયોગ, પરંપરારૂઢ કવિતાપદાવલિ, શબ્દાળુતા, વાગ્વૈભવ, વાગાડમ્બર, છંદકૌશલ, પ્રાસ, પદ્યગદ્યભેદ, અતિસંસ્કૃતતા, વાસ્તવિકતા–અવાસ્તવિકતા, રોમાન્ટીસીઝમ, ક્લાસીસીઝમ, સુશ્લિષ્ટતા, મિતાક્ષરતા, સર્જન અને વિવેચનના આદર્શો વગેરે વિષેની ઠાકોરની વિભાવનાઓનો અને કૃતિ-વિશેષોને થયેલા એ વિભાવનાઓના અને આયોજનના સ્વરૂપનો પરિચય આપણને વિવરણમાંથી સાંપડી રહે છે.

"આપણી કવિતાસમૃદ્ધિ" પહેલાં પણ બીજા કેટલાક ગુજરાતી કવિતાના પ્રતિનિધિસંગ્રહો બહાર પડ્યા હતા. ટી. સી. હોપે દલપતરામની કવિતા ઉપરાંત તે પહેલાંના કવિઓની કૃતિઓના સંગ્રહરૂપે "ગુજરાતી કવિતાસંગ્રહ" નામનું, પ્રવેશક ને ટિપ્પણો વિનાનું, પુસ્તક બહાર પાડ્યું હતું. હિંમતલાલ ગ. અંજારિયાના સંપાદન "પદ્યસંગ્રહ"માં પ્રાચીન–અર્વાચીન કવિઓની કૃતિઓના સંગ્રહ કરવામાં આવ્યો હતો; ટૂંકા ટિપ્પણ ઉપરાંત તેમાં સમકાલીન તથા પ્રાક્-સમકાલીન ગુજરાતી કવિતાનું ઐતિહાસિક "દિગ્દર્શન બતાવનારો લઘુ લેખ" જોડવામાં આવ્યો હતો. એ જ સંપાદકે ઇ. સ. ૧૮૮૫થી ઇ. સ. ૧૯૦૬ સુધીના કવિઓની કૃતિઓનો "કાવ્યમાધુર્ય" નામનો, સંક્ષિપ્ત ટિપ્પણવિભાગ સહિતનો ગ્રંથ બહાર પાડ્યો હતો; તેની ઇ. સ. ૧૯૦૩ની પહેલી આવૃત્તિમાં ટૂંકી પ્રસ્તાવના જોડવામાં આવી હતી, પછી ૧૯૨૦ના મુદ્રણમાં "ગુજરાતી કવિતાના વિકાસનું ટૂંકામાં અવલોકન" નામનો એક લાંબો પ્રવેશક લેખ જોડવામાં આવ્યો હતો અને એ જ પુસ્તકના

૧૯૪૪ના મુદ્રણમાં "કવિતાનો નવો અવતાર" નામનો પ્રવેશક લેખ જોડવામાં આવ્યો હતો. એ જ સંપાદકે ઇ.સ. ૧૯૧૦થી ૧૯૪૮ સુધીનાં ચુનંદાં કાવ્યોનો "કાવ્યસૌરભ" નામે, "થોડીક નોંધ" નામક સંક્ષિપ્ત ટિપ્પણ સહિતનો પણ પ્રવેશક વગરનો ગ્રંથ બહાર પાડ્યો હતો. એ પુસ્તકની બીજી આવૃત્તિમાં ૧૯૫૪ સુધીનાં કાવ્યો સમાવવામાં આવ્યાં હતાં; "અર્વાચીન કવિતા એક વિહંગાવલોકન" નામનો પ્રવેશક મૂકવામાં આવ્યો હતો તેમ જ જૂનાં ટિપ્પણોને સ્થાને ચિમનલાલ શિ. ત્રિવેદી લિખિત "ટિપ્પણ ને કાવ્યાસ્વાદ"નો નવો વિભાગ ઉમેરવામાં આવ્યો હતો. રા. વિ. પાઠક અને નગીનદાસ પારેખ સંપાદિત "કાવ્યપરિચય"ના બંને ભાગમાં પ્રાચીન–અર્વાચીન કવિઓને સમાવવમાં આવ્યા હતા; પણ એ પુસ્તક શાળાઓના વિદ્યાર્થીઓના વરનું હતું. મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓના વરનું "કાવ્યસમુચ્ચય" પુસ્તક (આધુનિક કવિતાનું) રા. વિ. પાઠકે બે ભાગમાં બહાર પાડ્યું હતું; તેમાં ટૂંકાં ટિપ્પણો હતાં અને ગુજરાતી કવિતાનું ઐતિહાસિક દિગ્દર્શન કરાવતો "ભૂમિકા" નામનો લેખ મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત પણ બીજા કેટલાક કાવ્યસંગ્રહો "આપણી કવિતાસમૃદ્ધિ"ની પહેલાં બહાર પડ્યા હતા ને પછી યે બહાર પડ્યા છે. એ બધામાં ઠાકોરનો પ્રયત્ન વિશિષ્ટ પ્રકારનો છે. બીજા લોકોએ તેમના પ્રવેશકોમાં ગુજરાતી કવિતાનું, લગભગ રૂઢ નિર્ણયોનો આધાર લઇને લખાયેલું ઐતિહાસિક દિગ્દર્શન આપ્યું છે, ત્યારે ઠાકોરે કવિતાજગતમાં નવાં મૂલ્યોનો સંચાર પ્રબોધતું ને જૂનાં મૂલ્યોનું ખંડન કરતું કાવ્યતત્ત્વમીમાંસક લખાણ તેમના પ્રવેશકમાં આપ્યું છે; છતાં તેઓ આપણા કવિતાના ઇતિહાસનાં ઉલ્લેખનીય પાસાંને પણ સ્પર્શ્યા છે. તેમનાં વિવરણ બીજા કોઇ સંપાદકનાં ટિપ્પણો કરતાં ઘણાં વધુ માતબર, ને વધુ વ્યાપક સ્વરૂપનાં બનેલાં છે.

લોકોની રસવૃત્તિ અને સારાસાર વિવેકશક્તિનું ઘડતર કરી શકે તેવી "ઉત્કૃષ્ટ" કૃતિઓને આવશ્યક "ઇયત્તા"માં "આધુનિક સાહિત્ય"માંથી ચૂંટી કાઢીને સંગ્રહવાની નેમ રા. વિ. પાઠકે કાવ્યસમુચ્ચય"માં રાખી હતી. પ્રો. ઠાકોર સામે, તેમના સંપાદન વખતે નીચેનાં ધોરણાદિ[૧૮] હતાં : (૧) અમુક પ્રતિનિધિક કવિઓને તો લેવા જ પડે. (૨) નવીનોમાંથી જે આશાસ્પદ લાગે તેમને પણ લેવા જોઇએ ; એમની જે કૃતિઓ ખાસ આશાસ્પદ લાગે તે જ લેવાવી ઘટે. (૩) વિષય, છંદ વગેરેનું વૈવિધ્ય જળવાવું જોઇએ. (૪) વિદ્યાર્થીઓ અને શીખાઉઓને માર્ગદર્શન આપવા માટે પૂરતાં વિવરણ (કાવ્યોનાં પાનથી વિવરણનાં પાનને વધી જવા દઇને ય) આપવાં. (૫) પૃષ્ઠમર્યાદામાં રહેવું.આ ધોરણો અને આશયો અનુસાર કામ કરવા જતાં ઠાકોરના સંપાદનમાં બધી કૃતિઓની કક્ષા એકસરખી રહી નથી : કૃતિઓમાં આવી ગયેલો કક્ષાભેદ, જે તે કવિઓની થયેલી પસંદગી—નાપસંદગી વગેરે બાબતો કેટલેક અંશે ઉપર્યુક્ત આશયોધોરણોના પરિણામરૂપ છે એમ પણ કહી શકાય. ગમે તેમ, "કાવ્યમાધુર્ય", "કાવ્યસમુચ્ચય" જેવા ગ્રંથોની જેમ "આપણી કવિતાસમૃદ્ધિ"એ પણ અત્યારસુધીમાં સારી એવી લોકપ્રિયતા ભોગવી છે.

૩ સાક્ષરજીવન

ઠાકોરને ગો. મા. ત્રિ. તરફ કેટલો બધો આદરભાવ હતો તેમ જ તેમના સાહિત્યમાં તેમને કેટલો બધો રસ હતો તે તેમનાં (ઠાકોરનાં) "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૧માંનાં વ્યાખ્યાનો, "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩માંનું "અર્વાચીન ગુજરાતી સાહિત્ય" નામક વ્યાખ્યાન વગેરે જોતાં સહેજે સમજી શકાય તેમ છે. "સમાલોચક"

ત્રૈમાસિકમાં કટકે કટકે પ્રસિદ્ધ થયેલા અને અપૂર્ણ રહી ગયેલા, ગો. મા. ત્રિ.ના, "સાક્ષરજીવન"ના સંપાદનનું કામ પહેલાં શ્રી કે. હ. ધ્રુવને સોંપાયું હતું પણ તેમની નાદુરસ્ત તબિયતને કારણે એ કામ પછી ઠાકોરને સોંપાયું હતું. ઠાકોરે ગો. મા. ત્રિ.ના "સાક્ષરજીવન" તેમ જ "અધ્યાત્મજીવન" – એ બંને નિબંધોનું સંપાદન કરવાની મનીષા સેવી હતી; પણ તેમાંથી પહેલા નિબંધનું જ સંપાદન તેઓ પૂરું કરી શક્યા હતા.

તેમણે "સાક્ષરજીવન"માં એક પ્રવેશક અને એક પરિશિષ્ટ જોડેલાં છે. પરિશિષ્ટની માફક, ગો. મા. ત્રિ.ના લાંબા ને અઘરા લખાણને ટૂંકું ને સહેલું બનાવીને "પુસ્તકની ઉપયોગિતા"ને વધારવાના તથા "સાધારણ વાચકોને પણ પુસ્તક વિશેષ સરલ થઇ પડે"[૧૯] એવું બનાવવાના પૂર્વનિર્ધારિત આશયથી કદાચ (!) ઠાકોરે પ્રવેશકનાં અર્ધાંથી વધારે પાનાંને નિબંધનો પ્રકરણવાર સાર આપવામાં રોક્યાં હોય એમ બનવાજોગ છે. એ પાનાંઓમાં તેમણે બહુધા સારોદ્ધરણ જ કર્યું છે; છતાં તેમાં તેમણે ગો. મા. ત્રિ.ના ત્રણેક વિચારો સાથેનો પોતાનો વિરોધ નોંધવાને મિષે એ વિચારોની ટીકા પણ કરી છે. ગો. મા. ત્રિ.એ બાલદૃષ્ટાઓને ગ્રંથલેખનની પ્રવૃત્તિમાં નહીં પડવાની સલાહ આપી છે તેનો ઠાકોરે તત્ત્વદૃષ્ટિએ વિરોધ કર્યો છે.[૨૦] ગો. મા. ત્રિ.એ લક્ષણદૃષ્ટિના લક્ષ્યસંસ્કારક અને લાક્ષણિક એવા બે પેટાભેદ પાડ્યા છે તેનો પણ ઠાકોરે વિરોધ કર્યો છે.[૨૧] ત્યાં તેમનો વિરોધ વિચારના તાત્ત્વિક વાજબીપણા અંગે નથી પણ વિચારની વ્યવસ્થાના વાજબીપણા અંગે છે. વિચાર-વ્યવસ્થામાં જે કંઇ ફેરફાર કરવામાં આવે તે એની વૈચારિક મૂલ્યવત્તાના ગુણાંકન પર પણ અસર કરનારો નીવડે છે અને તેથી એવો

ફેરફાર અર્થહીન નથી હોતો. સેનેકા વિષેના ગો.મા.ત્રિ.ના "અતિશય ઊંચા અભિપ્રાય"ને ઠાકોરે, તથ્યમૂલ્યાંકનદૃષ્ટિએ, "એ દેશકાલના ઇતિહાસના અભ્યાસીઓથી એકદમ સ્વીકારાય એવો" નહીં હોવાનું જણાવ્યું છે.[२२]

પ્રવેશકનાં આરંભમાં, સરલ ગુજરાતીની હિમાયત કરનારા અને સાક્ષરી ભાષાની નિંદા કરનારાઓને સૈદ્ધાંતિક ભૂમિકા પર જવાબ આપતાં, ઠાકોરે ગૌરવાન્વિત, અર્થઘન, સંસ્કારી, સુશ્લિષ્ટ, સૌષ્ઠવપૂર્ણ, પારિભાષિકતાયુક્ત અસંદિગ્ધ – અને તેથી અપરિપક્વ ભાષાભ્યાસંગવાળા અનધિકારી વાચકોને "કાનફાડુ" "જડબાંતોડ" અને અઘરી લાગતી – ભાષાનો બચાવ કર્યો છે;[२३] ને તેમાં પરોક્ષ રીતે તેમણે ગો.મા.ત્રિ.ની ભાષાનો પણ બચાવ કર્યો છે. પરંતુ ગો.મા.ત્રિ.ના ગદ્યમાં એ કે એવાં બીજાં લક્ષણો કયાં અને કેવી રીતે વિનિયોજિત થયેલાં છે અને એ
રજૂઆતમાં કેવી રીતે ઉપકારક નીવડ્યાં છે એની ચર્ચા ઠાકોરે કરી નથી. ગો.મા.ત્રિ.ની
લક્ષણો ગો.મા.ત્રિ.ને તેમના વિષયની/ઉદાહરણાર્હ ગદ્યકંડિકાઓના પૃથક્કરણ દ્વારા એ કરી શકાયું હોત.

આમ છતાં, ઠાકોરે ગો.મા.ત્રિ.ની વિષયમાવજતનો ઇષત્ પરિચય આપવાનો પ્રયત્ન કર્યો છે.[२४] ગો.મા.ત્રિ.એ "સાક્ષરદૃષ્ટિનો વિકાસક્રમ અમૂર્ત વિચારારોહથી નિરૂપવાને બદલે સ્થૂલ અને આકર્ષક ઇતિહાસો અને જીવનચરિતો વડે વર્ણવ્યો છે", વળી એમાં તેમણે લાંબાં પ્રચુર અવતરણોનો પણ ઉપયોગ કર્યો છે. આમાં ઠાકોરે કર્તાનાં મતવ્યોને શ્રદ્ધેય અને સાધાર બનાવનારી શાસ્ત્રીય પદ્ધતિ કે પદ્ધતિની શાસ્ત્રીયતા જોઇ નથી. એમાં એમણે, કનિષ્ઠ અને મધ્યમ અધિકારીઓના લાભાર્થે વિષયની સરલતામાં કરવામાં આવેલો વધારો અને ગહનતામાં કરવામાં

આવેલો ઘટાડો જોયો છે. આથી તેમણે નિબંધને કર્તાના જ્ઞાનયોગ-વિહાર તરીકે લખાયેલો કે ઉત્તમ અધિકારીઓ માટે લખાયેલો માન્યો નથી. અવતરણોની પ્રચુરતાને તેમણે "કર્તાએ જાણીને જ. સ્વીકારી" લીધેલી "છૂટ" કે "દોષ" તરીકે ઓળખાવી છે. અને એવો દોષ વહોરવામાં કે છૂટ લેવામાં તેમણે કર્તાની "સાધારણ લેખક સકારણ પણ જવલ્લે કરે" તેવી "હિંમત" જોઇ છે; તેમાં તેમણે "સુપ્રતિષ્ઠિત કે પોતાની વિચારસૃષ્ટિમાં ચકચૂર, કે વાંચનારનું હિત સાધવાની પોતાની રીતમાં શ્રદ્ધાવાળો, કે વાંચનારને કેવું લાગશે તેની રજ પણ પરવા વિનાનો હોય, તેવો જ કોઇ લેખક" જે રીતે વર્તે તે રીતે કર્તાને વર્તેલા જોયા છે. અવતરણોની બહુલતાનો બીજો ખુલાસો તેમણે "સમલોચક"માં "સાક્ષરજીવન"ના ક્રમશઃ થયેલા પ્રથમ પ્રકાશનના ઇતિહાસમાંથી આપ્યો છે: "માસિક ત્રિમાસિક માટેનાં લખાણમાં અવતરણો કંઇક વધારે હોય તોયે ચાલે, અને ત્રણ કે વત્તા મહિનાને અન્તરે એક વિભાગ જોવામાં આવે, તે ઉપરથી આખો વિષય આટલાં અવતરણોવાળો હોય તો કેવું તેનો વિચાર વાંચનારને આવે પણ નહીં". અવતરણોની બહુલતાને કારણે કોઇને કર્તાનું સ્વતંત્ર વસ્તુ બહુ ઓછું હોવાનો વહેમ આવે; તો તેવા વહેમને ઠાકોરે નિરર્થક જણાવ્યો છે. વળી અવતરણોની બહુલતાને કારણે મુખ્ય વિચારવસ્તુનો પ્રવાહ પાંખો થઇ જવાનો ભય સેવનારને પણ ઠાકોરે જવાબ આપ્યો છે: "નિબંધ જે વડે આદિથી અત સુધી સુગ્રથિત છે તે સાક્ષરદૃષ્ટિના વિકાસ સ્વરૂપ અને ફલની સાંકળ એના દરેક ભાગમાં એકસરખી દૃઢ અને સ્પષ્ટ છે". કર્તાએ "આપણી પ્રાચીન ભાવનાઓ અને સિદ્ધ કરેલી દૃષ્ટિઓ અને આશ્રમપ્રણાલિઓને" "તેમને મળતા આવતા યુરોપીય દાખલાઓ વડે" બતાવવાની જે રીત અપનાવી છે તેને ઠાકોરે કર્તાના વિષયની ગહનતાને ઘટાડનાર

પગલા તરીકે ઓળખાવી છે. આપણા ઉત્તમ અને મધ્યમ અધિકારીઓને "આપણાં પ્રાચીન સાહિત્ય ને ફિલસૂફી" કરતાં "પાશ્ચાત્ય ઇતિહાસ અને ફિલસૂફી"નો વધારે પરિચય છે એ હકીકતને ઠાકોરે એ પગલાના કારણરૂપ લેખી છે. સારોદ્ધરણના અંતભાગમાં ઠાકોરે કર્તાએ યોજેલા "તટસ્થ" રૂપકની સમજૂતી આપી છે. એવા રૂપકથી મનમાનતી અસર નહીં નીપજે એમ ધારીને કર્તાએ એપિક્ટીટસ, સેનેકા, અને માર્કસ ઓરીલિયસ એન્ટોનાઇનસનાં જીવનચરિતો, જીવનસૂત્રો વગેરે આપીને નિબંધનો સમુચિત વિસ્તાર સાધ્યો હોવાનો તથા વિષયરજૂઆતના એ પ્રકારની કર્તાએ કરેલી પસંદગીથી વિષયનો એ ભાગ આગલા ભાગો કરતાં વધારે રસિક, સરલ, ને રોચક બન્યો હોવાનો અભિપ્રાય ઠાકોરે આપ્યો છે.

ગો. મા. ત્રિ. ને "સાક્ષરજીવન"નો નિબંધ લખવાની પ્રેરણા ઠાકોરે જેમ કર્તાના પોતાના સાક્ષરજીવનમાંથી મળેલી જોઇ છે[૨૫] તેમ તેની અપૂર્ણતાનું કારણ પણ ઠાકોરે કર્તાની આપ્તજનનાં મૃત્યુ, તબિયતની નાદુરસ્તી જેવી લૌકિક બાબતોમાં નહીં પણ કર્તાના સાક્ષરજીવનમાં જ જોયું છે. નિબંધને પૂરો કરવાની કર્તાની આખર લગી ઉત્કટ ઇચ્છા હતી પણ તેને માટેનું અનિવાર્ય પાકું અનુભવસિદ્ધ જ્ઞાન મેળવવાની તપશ્ચર્યા પૂરી ન થઇ શકી હોવાથી તેઓ નિબંધ પૂરો કરી શક્યા નહીં હોવાનું મંતવ્ય ઠાકોરે આધારોસહિત વિસ્તારથી પ્રગટ કર્યું છે.[૨૬]

આમ સંપાદકે પ્રવેશકમાં કર્તાની વિચારસૃષ્ટિનાં તત્ત્વોનો જેટલે અંશે પરામર્શ કર્યો છે અને તેની ઐતિહાસિક પાર્શ્વભૂની પણ જેટલે અંશે ચર્ચા કરી છે, તેટલે અંશે એક વિવેચક તરીકે સંપાદકે "સાક્ષરજીવન"ની નિબંધના કલાસ્વરૂપની દૃષ્ટિએ છણાવટ કરી

હોત તો સારું થાત એવી વાચકોની અપેક્ષા વણપૂરી રહી ગઇ છે. આપણે ત્યાં નિબંધના કલાસ્વરૂપની દૃષ્ટિએ નિબંધકૃતિઓનું અભિયોજિત વિવેચન કવિતા, નવલકથા, નવલિકા વગેરે કલા-સ્વરૂપોના જેટલું કદી થયું જ નથી. પ્રતિપાદ્ય વિષય અને તેને માટે નિયોજાયેલી ભાષા વચ્ચેની સંવાદિતા અને સંતુલિતતા, નિબંધનાં ઘટકોની સપ્રમાણતા અન્યોન્યસંબદ્ધતા અને આખા નિબંધની આયોજના, ઉપયુક્ત દાખલાઓ અવતરણો રૂપકાદિ અલંકારોની કાર્યકારિતા, નિબંધની ઉદ્બોધકતા કે ક્રિયાપ્રેરકતા કે વર્ણનાત્મકતા કે સર્જનાત્મક કૃતિના જેવી કેવળ આનંદપર્યવસાયી રસવાહિતા કે એવી બીજી લક્ષણવત્તા, ભાષાની રંગમાત્રાગત મૂલ્યવત્તા (Tonal value), નિબંધઘટકોની યથાવશ્યક ન્યૂનાધિક ભારવત્તા, વિષયની માત્ર જડ બુદ્ધિગમ્ય રજૂઆત અને જ્ઞાનને સજીવન અનુભૂતિગમ્ય બનાવનારી વિષયભાવજત, વિચારોની પ્રવાહિતા કે વિશૃંખલતા, વિચારોની આયોજાયેલી આનુપૂર્વીમાં પૂર્વાંશોનો ઉત્તરાંશો સાથેનો પુરઃસંચાલક તત્ત્વો તરીકેનો સંબંધ, ભાષાશૈલી અને રજૂઆતપદ્ધતિ દ્વારા વિચારવસ્તુ પર સધાતી comment કે irony કે એવી બીજી કોઇ લાક્ષણિકતા..... વગેરે દૃષ્ટિબિંદુઓ અનુસાર નિબંધની ચર્ચા થઇ શકે.

સંપાદકે "પરિશિષ્ટ"માં નિબંધમાંનાં અંગ્રેજી, સંસ્કૃત અવતરણોનો યથાવશ્યક ખુલાસા, અર્થઘટન, અર્થવિસ્તાર વગેરે સહિતનો અનુવાદ આપ્યો છે તેમ જ નિબંધમાંનાં અસ્પષ્ટ ક્લિષ્ટ વિધાનોને વિશદાર્થ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. આવાં ટિપ્પણોની સંખ્યા વધારીને સંપાદક પ્રવેશકમાં નિબંધનો સાર આપવાની જરૂરને – જો એવી કંઇયે જરૂર હોય તો – ટાળી શક્યા હોત. અને પ્રવેશકમાંની એટલી જગ્યાનો તેઓ કર્તાના વિચારોની માત્ર તાત્ત્વિક સમીક્ષા માટે

ઉપયોગ કરી શક્યા હોત. જોકે એવું કામ સાહિત્યના વિવેચક કરતાં તત્ત્વચિંતનના વિવેચકનું વધારે છે; પણ ઠાકોરે કેટલેક અંશે એક વિચારક તરીકેનું પણ કામ કર્યું હોઇને એમની પાસે એવી સમીક્ષાની અપેક્ષા રાખવી અઘટિત નહીં ગણાય.

૪ ઈંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ

"સમાલોચક"માં છપાયેલા "સાક્ષરજીવન"ના પાઠમાં ઠાકોરને જે અશુદ્ધિઓ રહી ગયેલી લાગી હતી તે તેમણે તેમના સંપાદિત નિબંધપાઠમાં સુધારી નહીં લેતાં ("સમાલોચક"માંના પાઠને તેમણે તેમના સંપાદનમાં અક્ષરશઃ મૂલવત્ ઉતાર્યો છે.) એ દોષશુદ્ધિઓનાં સૂચન તેમણે "પરિશિષ્ટ"માં કર્યાં છે. આમ "અતિસાહસનું બલ્કે ગુનાહ અને પાપનું જ ગણાય"[૨૭] એવું જે કામ ઠાકોરે "સાક્ષરજીવન"માં ઇષદંશે યે કર્યું નથી તે તેમણે નવલરામકૃત "ઈંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ"માં મહદંશે કર્યું છે. બીજાં સાધનોને અભાવે ઉક્ત ઇતિહાસના સંપાદન માટે તેનાં "ગુજરાત શાળાપત્ર"માં છપાયેલાં પ્રકરણો પર આધાર રાખવો પડ્યો હતો. "કૃતિ અપૂર્ણ રહી જવાથી કર્તાનો છેવટનો હાથ એના ઉપર ફરેલો નહતો, કોઇપણ ભાગનું પુનરવલોકન એમણે કરેલું ન હતું, શાળાપત્રનું મુદ્રણ ઘણું બેદરકાર અને ભૂલભરેલું હતું, કેટલીક ભૂલો કર્તાની શરતચૂકથી જ થયેલી દેખાતી હતી, કોઇક ભૂલો કર્તાએ જે ઈંગ્રેજી ઇતિહાસોનો ઉપયોગ કરેલો તે મૂલ આધારોમાંથી ઉતરી આવેલી હતી",[૨૮] એટલે ઠાકોરે નવલરામના મૂળ લખાણમાં "ફેરફાર, કાપકૂપ અને વધારા" કરવાની છૂટ લઇ લીધી હતી. સંપાદકે આવી છૂટ કર્તાનાં લખાણોમાં લેવાને બદલે ઘટતા ફેરફારો, વધારા વગેરેને સુવિધાનુસાર પાદટીપો રૂપે કે ટિપ્પણોરૂપે દર્શાવ્યા હોત તો ઉચિત ગણાત. કર્તાનાં લખાણોમાં કરેલા ફેરફારોને સંપાદિત પુસ્તકમાં

યથાયોગ્ય રીતે નિર્દેશવાને બદલે સંપાદકે શાળાપત્રની ફાઇલો સાથે સંપાદિત પુસ્તકને સરખાવીને એવા ફેરફારો વગેરે શોધી કાઢવાનું વાચકોને આડકતરી રીતે સૂચવી દીધું છે.[૨૯] એટલા ફેરફારો વગેરેથી સંતુષ્ટ નહીં થયેલા સંપાદકે પુસ્તકની ત્રીજી આવૃત્તિ વખતે તેનાં વીશથી સત્તાવીશમા પ્રકરણ સુધીના ભાગને ટૂંકાવવાનો, પુસ્તકમાંની દરેક ભૂલને દૂર કરવાનો, છેલ્લા પાંચમા વિભાગને ઇ.સ. ૧૭૫૬-૭ સુધી આગળ ચલાવવાનો અને થોડી છબીઓ, નકશા અને ચિત્રો ઉમેરવાનો પોતાનો મનોરથ પ્રગટ કર્યો હતો.

કર્તાના પુસ્તકલેખન પાછળના ઉદ્દેશો વિષેની પોતાની માન્યતા વડે સંપાદકે પોતાની સંપાદનપદ્ધતિને ન્યાય્ય ઠરાવવા પ્રયત્ન કર્યો છે. શાળાના વિદ્યાર્થીઓ માટે તેમ જ ટ્રેનિંગ કોલેજનાં, ઇંગ્રેજી ભાષાથી અનભિજ્ઞ છતાં આંગ્લ ઇતિહાસનાં જિજ્ઞાસુ હોય તેવાં શિક્ષાર્થી-શિક્ષાર્થિનીઓ માટે તથા ઇતર સામાન્ય વાંચકો માટે કર્તાએ ઉક્ત ઇતિહાસ રચ્યો હોવાની માન્યતા ઠાકોરે સ્વીકારી હતી. કર્તાના ઉદ્દેશાનુસાર પુસ્તકને શાળોપયોગી તથા બાલાવબોધોપયોગી બનાવવું હોય તો તેમાંના ઇતિહાસના અમુક ભાગોને પ્રમાણસર ટૂંકાવવા પડે, અમુક ભાગોને પ્રમાણસર લંબાવવા પડે, અમુક આવશ્યક ભાગો ઉમેરવા પડે, અમુક નકામા કે ખોટા ભાગો કાઢી નાખવા પડે એવું ધોરણ સ્વીકારીને ઠાકોરે કર્તાના લખાણમાં ફેરફારો કર્યા હતા. ઠાકોર સાહિત્યકાર હોવા ઉપરાંત ઇતિહાસજ્ઞ પણ હતા એટલે એમને એમ કરવાનું સૂઝ્યું અને ફાવ્યું. કર્તાએ શાલોપયોગી બનાવવાના ઉદ્દેશથી જ પુસ્તક લખ્યું હોય ; તો, સંપાદકે એ જ ઉદ્દેશની પરિપૂર્તિ માટે એ પુસ્તકમાં કરેલા ફેરફારો તે, કર્તાની પોતાના ઉદ્દેશોને યથાર્થપણે પાર પાડવાની અશક્તિ ઉપરની આડકતરી ટીકારૂપ પણ બની ગયેલા કહેવાય. સંપાદકે કરેલા ફેરફારોને કારણે પુસ્તકની, કર્તાના અભ્યાસ માટેના સાધન લેખેની કિંમત ઘટી અને વિષય (ઇતિહાસ)ના અભ્યાસના સાધન લેખેની કિંમત વધી અને

એમ થવાથી કદાચ એના પ્રકાશનની આર્થિક સફળતા માટેની યે જોગવાઇ થઇ. ગમે તેમ, પણ, વિષયનું અને વિષયના અર્થીઓનું ગૌરવ કરનારી શાલોપયોગી સંપાદનની રીત અપનાવીને સંપાદકે અન્ય સાહિત્યિક સંપાદનાઓમાં અપનાવાતી શુધ્ધ શાસ્ત્રીય સંપાદનપધ્ધતિનો ત્યાગ કરીને કર્તાને, કર્તાના કર્તૃત્વને, તેના કાર્યના મૂલામિશ્રરૂપે થવા જોઇતા પ્રકાશનને, અને એના અર્થીઓને ગૌણ ગણી કાઢ્યાં.

"ઇંગ્રેજ લોકનો સંક્ષિપ્ત ઇતિહાસ"ના ટૂંકા પ્રવેશકમાં ઠાકોરે નવલરામની ઇતિહાસદૃષ્ટિ, સુધારાદૃષ્ટિ, ઉક્ત ઇતિહાસના લેખનનું તથા "શાળાપત્ર"માંના તેના મુદ્રણનું કાર્ય, એ ઇતિહાસ માટે કર્તાએ લીધેલા આધારો, કર્તાની ગદ્યશૈલી વગેરેનો ટૂંકાણમાં ખ્યાલ આપ્યો છે; તદુપરાંત શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની અગત્ય વિષેના પોતાના વિચાર પણ તેમણે ટાંક્યા છે.

૫ ત્રીજી ગુજરાતી સાહિત્યપરિષદનો અહેવાલ અને નિબંધસંગ્રહ

ઇ.સ. ૧૯૦૯માં રાજકોટમાં ભરાયેલા ગુજરાતી સાહિત્ય-પરિષદના ત્રીજા અધિવેશનમાં બળવંતરાય ઠાકોરે મંત્રી તરીકેની કામગીરી બજાવી હતી. એ કામગીરી બદલ ત્યારની કારોબારીએ એમને સોનાનું એક નાનું ઘડિયાળ તથા એક છેડો આપવા માટે બસો રૂપિયાની રકમ મંજૂર કરી હતી; ત્યારે બીજા બે મંત્રીઓને પચાસ-પચાસ રૂપિયાની રૂપાની અડાળીઓ આપવાનું ઠરાવ્યું હતું.[30] (ઠાકોરે તેમ જ તેમના સાથીમંત્રીઓએ એ પુરસ્કારનો સાભાર અસ્વીકાર કરીને એ રકમને પરિષદ ભંડોળ કમિટિના ફાળામાં જમા કરાવી દીધી હતી.) અધિવેશનના બીજા બે મંત્રીઓ કરતાં ઠાકોરને

મળેલા સવિશેષ માન પરથી, તેમણે મંત્રી લેખે બજાવેલી કામગીરીની ઇયત્તા અને મૂલ્યવત્તાનો સહેજે અંદાજ નીકળી શકે તેમ છે.

ત્રીજા અધિવેશનના અહેવાલ અને નિબંધસંગ્રહને "છપાવી પ્રસિદ્ધ કરનાર" "કારોબારી કમિટિ" હતી ; અને એમાં છપાયેલા તથા અધિવેશનમાં વંચાયેલા નિબંધોની પસંદગી વગેરેનું કામ કેટલાંક નિયત ધોરણો અનુસાર કરનાર "સાક્ષર કમિટિ" હતી. ઠાકોર મંત્રી લેખે એ બંને સમિતિઓના સભ્ય હતા તેથી એ કાર્યોમાં તેમણે મહત્ત્વની કામગીરી બજાવી હોવાનું માની શકાય તેમ છે. બસોથી યે વધારે પાનાંઓમાં વિસ્તૃતપણે, પક્ષિલ રાગદ્વેષ વિનાની તથ્યનિષ્ઠાથી લખાયેલા અહેવાલ પરથી અધિવેશનપ્રવૃત્તિનાં વિવિધ પાસાંઓનો, પ્રદર્શન કમિટિ, સાક્ષરકમિટિ, જોડણીકમિટિ વગેરે સમિતિઓની કામગીરીનો, પ્રદર્શન માટે એકઠી કરેલી વિવિધ કીમતી સામગ્રીનો, પરિષદ પુસ્તકાલય પ્રવૃત્તિનો, નરસિંહરાવ દીવેટિયા અને અંબાલાલ સાકરલાલ દેસાઇ એ બેમાંથી કોને પ્રમુખપદે લાવવા તે અંગે કેટલાક પક્ષકારો વચ્ચે ઊભા થયેલા વિવાદનો, "ગુજરાતી સાહિત્ય ચંદ્રક"ની યોજનાનો, અધિવેશનના જુદાજુદા પદાધિકારી વક્તાઓનાં વક્તવ્યનો કડીબંધ વીગતવાર ખ્યાલ મળી રહે છે. "નિબંધસંગ્રહ"ના વિભાગમાં નિબંધોને ભાષાવિભાગ, સાહિત્યવિભાગ, કલાવિભાગ, વિજ્ઞાનવિભાગ, કેળવણીવિભાગ, ઇતિહાસવિભાગ, ધર્મવિભાગ નામક સાત વિભાગોમાં વર્ગીકૃત કરીને છાપેલા જોવા મળે છે.

આવા સંગ્રહોનો હેતુ જેતે અધિવેશનની કાર્યવાહીનો સાદ્યંત ખ્યાલ આપવાનો તથા એ અધિવેશનમાં વંચાવા માટે આવેલા ચિરંજીવ મૂલ્યવત્તાવાળા નિબંધોને સંગૃહીત કરીને સ્થાયી મુદ્રિત

રૂપે વાચકોના હાથમાં મૂકવાનો હોઇ શકે. અધિવેશનો લગભગ નિયમિત રીતે વારંવાર ભરાતાં હોવાથી આવા સંગ્રહો પણ વારંવાર પ્રગટ થતા હોઇને એમનું લગભગ એક નિશ્ચિત સ્વરૂપ રૂઢ થઇ ગયેલું હોય છે અને એવા સંગ્રહોના સંપાદનની જવાબદારી સામૂહિક રીતે કોઇ એક આખી સમિતિની હોય છે. એટલે એવા એક સંગ્રહના સંપાદનકાર્યમાં ઠાકોરે ભજવેલા ભાગ વિશે આટલી સંક્ષિપ્ત નોંધ લેવા કરતાં કંઇ વિશેષ લખવાની આવશ્યકતા રહેતી નથી.

૨ મધ્યકાલીન સાહિત્યકૃતિઓનું સંશોધન - સંપાદન

ઇ.સ. ૧૯૦૯માં રાજકોટ ખાતે ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના ત્રીજા અધિવેશનના મંત્રીપદે ઠાકોર હતા ત્યારે અધિવેશનના આશ્રયે યોજાયેલા પ્રદર્શન માટે તેમણે અદા કરેલી કુલ જવાબદારીઓના એક ભાગ તરીકે તેમણે વડોદરા, ભાવનગર, કચ્છ, પૂના વગેરે સ્થળોએ બિનતિપત્રો પાઠવીને ઘણી કીમતી અપભ્રંશ અને જૂની ગુજરાતી ભાષાની પોથીઓ એકત્ર કરી હતી. ત્યારથી એમના મનમાં પ્રાચીન ગુજરાતી સાહિત્યના સંશોધન માટેનો રસ શરૂ થયો હતો એમ કહી શકાય.[૩૧]

ઠાકોર મુખ્યત્વે તો અર્વાચીન ગુજરાતી સર્જનાત્મક ને વિવેચનાત્મક સાહિત્યના જ્વલંત સિતારા તરીકે પંકાયેલા છે. પરંતુ બહુદેશીય પાંડિત્યપ્રીતિએ કે બહુમુખી વિદ્યાવ્યાસંગવૃત્તિએ તેમને અર્વાચીન સાહિત્યની જેમ મધ્યકાલીન સાહિત્યના સંશોધનકાર્યે પણ આકર્ષ્યા હતા તેમ કહી શકાય. તેઓ મધ્યકાલીન સાહિત્યની - જે હોય તે - મૂલ્યવત્તાથી વાકેફ હતા તેમ છતાં "નવીનતાઓ,

ગુણવત્તાઓ અને ફતેહોવાળા" અર્વાચીન સાહિત્ય પ્રત્યે વિશેષ અનુરાગ ધરાવનાર તેઓ મધ્યકાલીન સાહિત્યને "ક્ષતિઓ, એબો અને ઊણપો"વાળું ગણતા હતા ; અને તે એટલે સુધી કે મધ્યકાલીન સાહિત્યમાં મહાકવિનું બિરુદ પામેલા પ્રેમાનંદને પણ તેઓ સર્જક કે મૌલિક કવિ યે ગણવા તૈયાર નહોતા.[32] છતાં તેઓ મધ્યકાલીન સાહિત્યના અભ્યાસપ્રસારના આગ્રહી હતા અને પ્રાચીન તેમ જ અર્વાચીન એ બંને સાહિત્યગંજોના સુરુચિપૂર્ણ તટસ્થ સૂક્ષ્મ તુલનાત્મક અધ્યયનના હિમાયતી હતા.[33]

મધ્યકાલીન સાહિત્યમાંનો ઠાકોરનો રસ તેમના અંતકાળ સુધી ટકી રહ્યો હતો અને તે અન્વયે તેમણે એ સાહિત્યમાંની તેમને કીમતી લાગેલી રચનાઓના સંપાદન-પ્રકાશનની એકથી વધારે વાર યોજનાઓ ઘડી હતી. આમાંની એક યોજનાનો મુત્સદ્દો તેમણે કોઇ સાહિત્યપ્રિય શ્રીમન્ત વ્યક્તિને સહાયયાચનાર્થે પહોંચાડવાની દૃષ્ટિએ કલ્યાણરાય ન. જોષીને તા. ૪-૭:૧:૩૧ના દિવસો દરમ્યાન લખેલા પત્રમાં રજૂ કર્યો હતો. ભાવનગર, લીંબડી, પોરબંદર, રાજપીપળા, રાધનપુર વગેરે રાજ્યોએ તેમને એ યોજનામાં સહાયભૂત થવા ત્યારે ઇન્કાર કર્યો હતો ; વડોદરા રાજ્યને આશ્રયે ગ્રંથપ્રકાશન કરતી વિદ્યાસંસ્થાઓ, ફાર્બસ સભા કે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી જેવી અન્ય સંસ્થાઓ એમની યોજનાને કાર્યમૂર્ત કરે તેવો તેમને ત્યારે કેટલાંક કારણોસર વિશ્વાસ નહોતો તેથી તેમણે કોઇ શ્રીમંત વ્યક્તિ આગળ ટહેલ નાખવાની તે વખતે મુરાદ સેવી હતી. એમની યોજનામાં તેઓ તે વખતે પ્રવેશક, ટિપ્પણ, શબ્દકોષ વગેરે પૂરેપૂરી સામગ્રી સહિત કુલ ચાર ગ્રંથોને બે અઢી વર્ષમાં થઇને પ્રગટ કરવા ઇચ્છતા હતા. એ યોજનામાં પહેલો ગ્રંથ તેઓ સંસ્કૃત વ્યાકરણની સમજૂતી માટે લખાયેલાં અને ગુજરાતી ગદ્યના સૌથી જૂના અને ઉત્તમ નમૂનારૂપ ગણી શકાય તેવાં બ્રણ ઔક્તિકોનો બનાવવા માગતા હતા.

વિક્રમ રાજાના પુત્ર વિક્રમચરિત્રની કથા ઉપરથી સાધુ-કીરતીએ વિ. સં. ૧૪૯૯માં અને ઉદયભાનુએ વિ. સં. ૧૫૬૫માં પોત-પોતાની રચનાઓ લખી હતી. એમાંની પ્રથમ રચનાની એક જ પ્રત ઠાકોરને ઉપલબ્ધ થયેલી, ત્યારે બીજી રચનાની ત્રણ પ્રતો – એક પૂનાના ભાંડારકર ઓરિયેંટલ ઇન્સ્ટિટ્યૂટની, બીજી અમદાવાદના એક જૈન ભાંડારની અને ત્રીજી પાટણના એક ભાંડારની – તેમને પ્રાપ્ત થયેલી. આ બીજી રચના પરથી પાઠાન્તરો સહિતની સંશુદ્ધ વાચના તૈયાર કરીને ઉપર્યુક્ત યોજનાના બીજા ગ્રંથ તરીકે છાપવાની ઠાકોરની ઇચ્છા હતી. નાકરના નલાખ્યાનની વિ. સં. ૧૭૮૦થી જૂની વિરલ ત્રણ પ્રતો ઉપરથી, નાકરની ભાષાની નિકટવર્તિની ઠરી શકે તેવી જૂની ભાષાની બને તેટલી છાંટ પૂરેપૂરા યત્નથી જાળવીને ત્રીજો ગ્રંથ પ્રસિદ્ધ કરવાની ઠાકોરની યોજના હતી. એ જ રીતે એ જ કવિના વિરાટપર્વની અનેક પ્રતો ઉપરથી ચોથો ગ્રંથ પ્રગટ કરવાની તેમની નેમ હતી. આ જ અરસામાં તેઓ વડોદરાના પ્રાચ્યવિદ્યામંદિરની ગાયકવાડ ઓરિયેન્ટલ સિરીઝને માટે "વિ. સં. ૧૪૯૯થી ૧૫૬૫ લગીના રાસ ગદ્ય દસ્તાવેજ આદિ"નો સંગ્રહગ્રંથ તૈયાર કરી રહ્યા હતા તેવો ઉલ્લેખ પણ તેમણે ક. ન. જોષી પરના ઉક્ત પત્રમાં કર્યો હતો.

મંજુલાલ મજમુદાર પર તા. ૧૧-૫-૨૯ના દિવસે ઠાકોરે લખેલા પત્ર પરથી માલૂમ પડે છે કે તે વખતે ઠાકોર ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાંની નાકરકૃત આરણ્યકપર્વની એક પ્રત વિષે જાણતા હતા, એની બીજી પણ એક પ્રત એ અરસામાં એમના જોવામાં આવેલી અને તે સિવાયની બીજી કોઇ પ્રતો ઉપલબ્ધ હોય તો તેને વિષે તેમણે મજમુદાર પાસે માહિતી મંગાવી હતી. આનો અર્થ એ કે ઉપર્યુક્ત દિનાંકની આસપાસના સમયમાં તેમણે નાકર માટે

સારી એવી જહેમત ઉઠાવી હતી. ઉપર્યુક્ત દિનાંક બાદ લગભગ પોણાબે મહિને ગત થયેલા શેઠશ્રી પુરુષોત્તમ માવજીના ખાનગી સંગ્રહમાંથી નાકરની એક પોથી ઠાકોરને, શેઠજીના મૃત્યુબાદ લગભગ સવાબે મહિને પ્રાપ્ત થઇ હતી ; પરંતુ ત્યારે તો એ પોથીમાંનાં સભાપર્વ, વિરાટપર્વ, ગદાપર્વ નામક આખ્યાનો એ જ પોથી પરથી સંપાદિત થઇને શેઠશ્રીની "પ્રાચીન કાવ્યસુધા" નામે આયોજેલી ગ્રંથમાલાના ત્રણ મણકા તરીકે પ્રસિધ્ધ થવા છપાઇને તૈયાર પડ્યાં હતાં.[૩૪] એ જોઇને ઠાકોરને પોતાની ઘણી મહેનત વ્યર્થ જવાની ફાળ પડી હતી. છેવટે, ઉપર નિર્દેશેલી યોજનામાં તેમણે નાકરનાં નલાખ્યાન અને વિરાટપર્વને – તત્‌-નિર્દિષ્ટ ધોરણવૈશિષ્ટ્ય અનુસાર – પ્રસિધ્ધ કરવાનો નિર્ણય લીધો હતો. ગુજરાતી પ્રજામાં આખ્યાનો દ્વારા કૃષ્ણભક્તિ, ધર્મબોધ, નીતિબોધ ફેલાવનારા પ્રેમાનંદ, વિષ્ણુદાસ આદિ કવિઓમાંના એક તરીકે નાકરને પણ ઠાકોરે એ વખતે યશોભાગી ગણ્યો હતો. પરંતુ ૧૯૩૮ના અરસામાં તેઓ નાકરને "કચરો" ગણતા થઇ ગયા હતા.[૩૫] ઉમેરવાની ભાગ્યે જરૂર હોય કે ઠાકોરે પછી નાકરની કોઇ કૃતિનું સંપાદન કર્યું નહોતું. ક. ન. જોષી આગળ તેમણે પોતાની જે ઉપર્યુક્ત યોજના રજૂ કરી હતી તેને અંગે ક. ન. જોષી તરફથી કોઇ જવાબ ત્યારબાદ આઠેક મહિના સુધીમાં તેમને મળ્યો નહોતો એટલે તેમણે એ યોજનાનું પ્રતિકૂળ પરિણામ આવેલું ત્યારે માની લીધું હતું.[૩૬]

એટલે, તેમણે બીજે વર્ષે એક નવી વધારે વિસ્તૃત યોજના[૩૭] વડોદરા રાજ્ય તરફથી સહાય મેળવવાનાં આશય અને આશા સહિત ઘડી કાઢી હતી. એ યોજનામાં તેમણે નીચે પ્રમાણેના બાવીસ ગ્રંથોના સંપાદનનો નિર્દેશ કર્યો હતો : (૧) સોમસુન્દરસૂરિનો

વિક્રમની સોળમી સદીના આરંભકાલના ગદ્યનાં નિદર્શનોવાળો યોગશાસ્ત્રબાલાવબોધ – ચાર ગ્રંથોમાં, (૨) મધ્યકાલીન સંસ્કૃત અને પ્રાકૃત સિંહાસનદ્વાત્રિંશિકા, વેતાલપંચવિંશતિકા, વિક્રમાદિત્ય વિષે રચાયેલી અન્ય કૃતિઓને આધારે પંદરમી, સોળમી અને સત્તરમી સદીના ગુજરાતી કવિઓએ લખેલા રાસ, ચઉપાઇ ને ચરિત્ર – બે ગ્રંથોમાં, (૩) અમ્બડ રાસ, દેવકુમાર રાસ વગેરે સત્તરમી સદીની પ્રાક્પ્રેમાનંદીય કૃતિઓ – બે ગ્રંથોમાં, (૪) સોમસુંદરસૂરિથી લગભગ એક સદી પહેલાંના તરુણપ્રભનો અપભ્રંશ–પ્રાકૃતના મિશ્રણથી મુક્ત ગદ્યવાળો બાલાવબોધ – એક ગ્રંથમાં, (૫) સંસ્કૃતમાંથી ગુજરાતીમાં ઉતારાયેલ પ્રાચીનતમ પંચતંત્ર અથવા પંચોપાખ્યાન, નરપતિની વિ. સં. ૧૫૪૫માં લખાયેલ નંદબત્રીસી અને નાકરનું નલાખ્યાન – ત્રણ ગ્રંથોમાં, (૬) જૂની ગુજરાતીના વ્યાકરણનો ખ્યાલ આપતાં, વિ. સં. ૧૪૫૦ પહેલાં લખાયેલાં મુગ્ધાવબોધઔક્તિક અને બીજાં ત્રણ ઔક્તિકોનો સંગ્રહ – જરૂરી ભાષાશાસ્ત્રીય ટીકાટિપ્પણો તેમ જ એ ઔક્તિકોના તુલનાત્મક અભ્યાસસહિત, અને એ રીતે અભૂતપૂર્વ રીતે નવેસર રચાયેલો સંગ્રહ – એક ગ્રંથમાં, (૭) સોળમી અને સત્તરમી સદીના લાવણ્ય-સમય અને ઋષભદાસની ઉત્તમ અપ્રકાશિત કૃતિઓમાંથી – દરેકની બબ્બે, એ રીતે – કુલ ચાર કૃતિઓ – પાંચ ગ્રંથોમાં, (૮) વિ. સં. ૧૬૫૦ પહેલાંના ટૂંકા રાસાઓ, બે ગ્રંથોમાં (ગાયકવાડ ઓરિયેંટલ સીરીઝ, વડોદરાને માટે ઠાકોરે ત્યારે જે રાસસંગ્રહનું કામ ઉપાડેલું તે સિવાયના બીજા રાસાઓનો સંગ્રહ અહીં તેમને અભિપ્રેત હતો.), (૯) ગુજરાતના જાણીતા રાજા કુમારપાલને વિષે તેમ જ અકબરની સહાનુભૂતિ પામેલ જૈન સંત હીરવિજયજીને વિષે રચાયેલ જૂનામાં જૂના

ઉત્તમ અપ્રકાશિત ગુજરાતી રાસ, બે ગ્રંથોમાં. ઉક્ત કર્તાઓ અને તેમની રચનાઓ વિષેની એક વિશેષ નોંધ પણ ઠાકોરે ઉક્ત યોજનાના મુસદ્દામાં શામેલ કરી હતી.

પહેલાં નિર્દેશેલી ચાર ગ્રંથોની યોજનાની માફક આ યોજના પાછળ પણ ઠાકોરનો હેતુ ગુજરાતી ભાષાના ક્રમિક ઐતિહાસિક વિકાસના શાસ્ત્રીય ભાષાવૈજ્ઞાનિક અભ્યાસને માટેની મૂલ્યવાન સામગ્રીને એક વિશિષ્ટ ગ્રંથશ્રેણિ દ્વારા અભ્યાસીઓને ઉપલબ્ધ કરાવવાનો હતો. સાહિત્યિક મૂલ્યવત્તાવાળી ચુનંદી મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ પણ એ રીતે અભ્યાસીઓને હસ્તગત બની શકે એ હેતુ પણ તેમાં હતો. પણ આ યોજના ઘડાઇ ત્યારે ઠાકોરની ઉંમર સાઠીઠ વર્ષની હતી ; તેથી પોતાના વાર્ધક્યનો વિચાર કરીને તેમણે ઉપર્યુક્ત બાવીસ ગ્રંથોમાંથી અગ્રિમ અગત્ય ધરાવતા ગમે તે બાર ગ્રંથોને અનુગામી છ વર્ષોમાં પ્રકાશિત કરવાની નેમ રાખી હતી.

આ યોજના અનુસારની ગ્રંથમાલાને તેમણે "પ્રાચીન ગ્રંથમાલા" નામ આપ્યુ હતુ. વડોદરા રાજ્યને આશ્રયે વર્ષો સુધી ચાલેલી "પ્રાચીન કાવ્યમાલા" તે વખતે બંધ પડી ગયેલી. એ ખોટને પોતાની યોજના ઉચ્ચતર વિદ્વત્તા અને સંશોધનકાર્ય વડે તેમ જ વધારે જૂની કૃતિઓના પ્રકાશનકાર્ય વડે પૂરી શકે તેમ છે તેવી દલીલ ઠાકોરે એ યોજનાની મંજૂરી માટે આગળ ધરી હતી. "પ્રાચીન કાવ્યમાલા"નું નામ ઠાકોર પોતાની યોજનાને આપવા નહોતા માગતા કેમકે તેમણે પોતાની યોજનામાં કેટલીક ગદ્યકૃતિઓને પણ સમાવી હતી. પોતાની યોજના ગાયકવાડ ઓરિયેંટલ સિરીઝનો એક ભાગ ન• બની જાય તે જોવા પણ ઠાકોર આતુર હતા. વડોદરાની સરકારી વિદ્યાસંસ્થા પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક ડો. ભટ્ટાચાર્ય એ વખતે

એ સિરીઝના સામાન્ય સંપાદક હતા. ડૉ. ભટ્ટાચાર્યને પ્રાચ્ય વિદ્યામંદિરનાં બીજાં ઘણાં કામોનું ભારણ હોય તેથી તેઓ વધારાની જવાબદારીઓ માટે વધુ શક્તિ ને સમય ફાજલ ન પાડી શકે, વળી તેઓ પ્રાંતીયતાએ બંગાળી એટલે તેમને ગુજરાતી ગ્રંથશ્રેણિ માટે એક અલગ નિષ્ણાતને પગારથી રોકવો પડે, તથા ઉક્ત સિરીઝનું ક્ષેત્ર ઘણું વિશાળ અને વિભિન્ન સ્વરૂપનું હતું, એ સિરીઝમાં પ્રગટ થતાં પુસ્તકોનો મુખ્ય પાઠ્ય ભાગ દેવનાગરીમાં અને પ્રવેશકો ટિપ્પણો વગેરેનો ભાગ અંગ્રેજીમાં છપાતો હતો, ત્યારે ઠાકોર પોતે સૂચવેલી ગ્રંથમાળાનાં પુસ્તકો આપણા વિદ્યાર્થીઓ અને અભ્યાસીઓને અભ્યાસસુકર થઇ પડીને વધુ પ્રસાર પામે તે માટે ગુજરાતીમાં જ છપાવવાના મતના હતા .... વગેરે કારણોસર ઠાકોર પોતાની યોજનાને કોઇપણ વિદ્યાસંસ્થા કે કોઇપણ ચાલુ ગ્રંથપ્રકાશનયોજનાથી સ્વતંત્રપણે સાકાર કરવા માગતા હતા. વડોદરાના વિદ્યાધિકારીના ખાતાના આશ્રયે એ યોજના સાકાર બને એ પણ ઠાકોરને મંજૂર નહોતું કેમકે એવાં ખાતાનાં વડાઓ વારંવાર બદલાય ને વારાફરતી આવતા વડાઓ વર્ષોના પથરાટવાળી, સળંગ નિયમિતપણે ચાલવી જોઇતી ગ્રંથપ્રકાશનની યોજનાના ગંભીર કાર્યમાં એકસરખી જરૂરી ધગશ, ચીવટ, રસ ને ધ્યાન દાખવી ન શકે એવો તેમને ભય હતો.

આમ ઠાકોર સરકારની મદદ લઇને યે પોતાની યોજનાના પોતે જ કુલ મુખત્યાર થવા ઇચ્છતા હતા ; યોજનાસમાવિષ્ટ ગ્રંથોનાં સંશોધન, સંપાદન, મુદ્રણ, વેચાણવ્યવસ્થા વગેરેની બધી જ જવાબ-દારીઓને અદા કરવાનો હક તેમણે પોતાની પાસે અનામત રાખ્યો હતો. એકસરખાં ઉચ્ચ ધોરણો અનુસાર યોજનાની સ્થિર પ્રગતિ અને ત્વરિત અમલને સારુ યોજનાનું સૂત્રસંચાલન આદિથી અંત લગી એકહથ્થુ રીતે કોઇએક નિષ્ણાત પાસે રહે એવું ઠાકોરનું મંતવ્ય

હતું અને એ સંચાલન માટે ઠાકોર પોતાને એ વિષયના તવિદ્
અધિકારી સમજતા હતા.

સંપાદકના વેતનનો દર, ગ્રંથમાલાનું વર્ષવાર ખર્ચ તેમ જ કુલ ખર્ચ, પ્રત્યેક ગ્રંથનું સરેરાશ ઉત્પાદનખર્ચ, પુસ્તકનો વેચાણદર વગેરેના અંદાજી આંકડા પણ ઠાકોરે યોજનાના મુત્સદ્દામાં લખી મોકલ્યા હતા. પુસ્તકોને વર્ષો સુધી સરકારી મકાનોમાં પડી રહેવા દઇને ઉધઇ, હવાપાણીથી ખરાબ ને ખલાસ થઇ જવા દેવાને બદલે બનતી ઝડપથી લોકોમાં ફેલાવવાં જોઇએ; પરંતુ, સરકારી વિદ્યાસંસ્થાઓ પુસ્તકવેચાણનો ઝડપી કુશળ વહીવટ કરી ન શકે: એવી દલીલ કરીને ઠાકોરે એ કામ પોતાની મારફત કોઇ ધંધાદારી પુસ્તકવિક્રેતાને સોંપવાની જરૂર દેખાડી હતી. કોપી-રાઇટનો હક ઠાકોર પોતાની પાસે રાખવા માગતા હતા. દરેક ગ્રંથની પ્રથમ આવૃત્તિની છસો મુદ્રિત પ્રતોમાંથી માત્ર પચાસ પ્રતો તેઓ રાજ્યને (સંસ્થાઓ, અખબારો, વિદ્વાનોને મોકલવા માટે) આપવા બંધાતા હતા. એથી વધારે પ્રતોની જરૂર પડે તો રાજ્યે કોઇ પણ બીજા ગ્રાહકની જેમ ઠરેલ પુસ્તકવિક્રેતાની પાસેથી બાંધી કિંમતે ખરીદી લેવી એવી ઠાકોરની શરત હતી. કદાચ ઠાકોરની આવી શરતો અને અન્ય ઉક્ત વલણોને લીધે એમની યોજનાને રાજ્યે સ્વીકારી નહીં હોવાનું સહેજે માની શકાય તેમ છે.

આ ક્ષેત્રમાં ઠાકોરની આટલી વિશાલોત્કટ ભાવના હોવા છતાં તેમના નામે સંપાદિત થઇને પ્રગટ થયેલાં પુસ્તકોની સંખ્યા માત્ર ત્રણની જ છે; વળી, એ પુસ્તકો પણ તેમના મૃત્યુ પછી પ્રકાશિત થવા પામેલાં છે. એ ત્રણમાંના એક પુસ્તક "ગુર્જરરાસાવલી"-માં ઠાકોરનું નામ સહસંપાદક તરીકે મુકાયેલું છે, ત્યારે બીજાં બે પુસ્તકો "અંબડ વિદ્યાધર રાસ" અને "વિક્રમચરિત્રરાસ"નું સંપાદન

ઠાકોરે સ્વતંત્ર રીતે કરેલું છે. "ગુર્જર રાસાવલી"નું સંપાદનકાર્ય પૂરું થતાં પહેલાં એના ત્રણ સંપાદકોમાંથી બેનું - ઠાકોરનું અને મોહનલાલ દલીચંદ દેસાઇનું - અવસાન થઇ ચૂક્યું હતું તેથી ત્રીજા સંપાદક શ્રી મધુસુદન મોદીને એ સંપાદનકાર્ય પૂરું કરવું પડ્યું હતું. મોહનલાલ દેસાઇએ "ગુર્જરરાસાવલી"માંનાં કાવ્યોની પસંદગીની બાબતમાં મધુસૂદન મોદીને સહકાર આપ્યો હતો તથા તેમાંનાં કેટલાંક કાવ્યોની નકલો આપી હતી. એ નકલો ઉતાવળે થયેલી ને તેથી ખામીભરેલી હોવાથી શ્રી મોદીને પાઠશોધન માટે મુનિશ્રી પુણ્યવિજયજી પાસેથી તત્સંબંધી હસ્તપ્રતો મેળવવી પડી હતી. "ગુર્જરરાસાવલી"નાં પ્રવેશક, પાઠાન્તરનોંધો-પાઠઘટનો, શબ્દસૂચિ, ટિપ્પણો અને ઉપયુક્ત અન્ય માહિતી વગેરે અંગો મધુસૂદન મોદીએ એકલે હાથે તૈયાર કર્યાં હતાં. ઠાકોરનો ફાળો એ ગ્રંથના સંપાદનમાં માત્ર એટલો જ હતો કે તેમણે ગ્રંથમાં લેવાયેલાં પંચપંડવચરિતરાસુ અને વિરાટપર્વ નામક બે કાવ્યોનો સમજપૂર્વકનો પાઠાભ્યાસ શ્રમ લઇને શ્રી મોદી સાથે કર્યો હતો.[38] આમ "ગુર્જરરાસાવલી"ના સંપાદનમાં બીજા બંને સહસંપાદકો કરતાં પોતાનો ફાળો સવિશેષ હોવાનો દાવો શ્રી મોદીએ ઉક્ત ગ્રંથના પ્રવેશકમાં કર્યો છે; જે, જ્યાં સુધી ઠાકોરને લાગેવળગે છે ત્યાં સુધી, ઠાકોરના અન્ય બે ઉક્ત સંપાદનગ્રંથોના સ્વરૂપ સાથે "ગુર્જરરાસાવલી"ના સંપાદન-સ્વરૂપને સરખાવી જોતાં, ઝાઝે ભાગે માન્ય રાખવા જેવો લાગે છે.

ઠાકોરનું બીજું સંપાદન તે ઉદયભાનુકૃત "વિક્રમચરિત્રરાસ" છે.[39] આ રાસનો મૂલ પાઠ ઠાકોરે છપાવી રાખ્યો હતો પણ એ કૃતિનાં પ્રસ્તાવના, શબ્દસૂચિ વગેરે તૈયાર કરતાં પહેલાં તેમનું અવસાન થઇ ગયું હતું. આથી ડૉ. રણજિત પટેલ પાસે તેનાં ઉપોદ્ઘાત

અને શબ્દસૂચિ તૈયાર કરાવીને વડોદરા વિશ્વવિદ્યાલયની પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલાના પુષ્પ ૬ તરીકે, એ ગ્રન્થમાલાના સામાન્ય સંપાદક ડો. ભોગીલાલ સાંડેસરાએ એનું પ્રકાશન કર્યું હતું. આગળ ઉપર નિર્દેશેલી ઠાકોર-આયોજિત બે ગ્રંથયોજનાઓમાંની પહેલીની વીગતો જોનારને ખ્યાલ આવશે કે ઠાકોરને ઉદયભાનુના વિક્રમ-ચરિત્રરાસની કુલ ત્રણ પ્રતો પ્રાપ્ત થઇ હતી. આમાંથી ગમે તે એકને પ્રાધાન્ય આપીને સંપાદકે કૃતિની વાચના તૈયાર કરી હતી પરંતુ તેમણે બાકીની બે પ્રતો ઉપરથી એ વાચનામાં પાઠાન્તરો પણ નોંધવાં જોઇતાં હતાં; પણ તેમણે એ પ્રમાણે કર્યું હોય એમ જોવા મળતું નથી. એ યોજના ઘડતી વખતે ઠાકોર પાઠાન્તરો નોંધવાની શિષ્ટમાન્ય સંપાદનપદ્ધતિમાં માનતા હતા પણ પાછળથી ગમે તે કારણે તેઓ એ પદ્ધતિને વખોડતા થઇ ગયા હતા. મંગલમાણિક્ય-વિરચિત "અંબડ વિદ્યાધરરાસ"ની પણ ત્રણ પ્રતો ઠાકોરને પ્રાપ્ત થઇ હતી. નડિયાદમાંથી મળેલી પ્રતને પૂનાની ભાંડારકર ઓરિયેંટલ ઇન્સ્ટિટ્યૂટમાંથી અને પાટણમાંથી મળેલી પ્રતો કરતાં જૂની અને ગુણવત્તાએ વધારે સારી ગણીને તેની પરથી ઠાકોરે એ રાસની વાચના તૈયાર કરી હતી; નડિયાદની પ્રતમાં છેલ્લું એક પાનું ખૂટતું હતું તેટલો ભાગ તેમણે ભાંડારકર ઇન્સ્ટિટ્યૂટની પ્રત પરથી ઉતાર્યો હતો.[૪૦] આમ આ રાસમાં પણ તેમણે એક પ્રતમાંથી મૂલ પાઠ ઉતારવા સાથે બીજી પ્રતોમાંથી પાઠાન્તરો નોંધવાની પદ્ધતિ જતી કરી હતી. એના ખુલાસારૂપે તેમણે ઉક્ત રાસના નિવેદનમાં જણાવ્યું છે: "ધારો કે આપણી આગળ પચાશ પચાશ વર્ષને અંતરે લખાયેલી ત્રણ પ્રતો છે, તો તેમાંના પાઠભેદો આપણે જેવા હોય તેવા ચીવટથી નોંધી લેવાના વેદિયાપણાને શાસ્ત્રીય સંપાદના ગણવી? નહીં જ. જૂનામાં જૂની, કર્તાના સમયને સૌથી નિકટ, સારી પ્રતને વળગવું એ જ સંપાદનાની

શાસ્ત્રીય પધ્ધતિ છે કેમકે આપણે જેને અભ્યસવા આતુર છિયે તે કર્તાના સમયની કર્તાની પોતાની ભાષાનું સ્વરૂપ છે."[૪૧] કર્તાના સમયની ભાષાનો ખ્યાલ મેળવવો જોઇએ એ બરાબર છે; પણ બીજી પ્રતો પરથી એમના લેખનસમયનાં ને લેખનસ્થલોનાં ભાષાસ્વરૂપોનો પણ ખ્યાલ મેળવવા અને એ રીતે ભાષાની ઐતિહાસિક ઉત્ક્રાન્તિના જુદા જુદા સ્તરોની પ્રમાણભૂત સામગ્રી એકત્ર કરવા એ બીજી પ્રતોમાંનાં પાઠાન્તરો નોંધવાં એ પણ ઇષ્ટ છે અને એ ઇષ્ટતાથી ફંટાતું જે કંઇ હોય તે ઓછું શાસ્ત્રીય છે એનો ખ્યાલ ઠાકોરને કેમ ન આવ્યો ? ઠાકોર પોતાની બંને ઉપર્યુક્ત યોજનાઓને ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિના ઐતિહાસિક ભાષાશાસ્ત્રીય અધ્યયનને માટે જરૂરી સામગ્રી પૂરી પાડવાના ઉદ્દેશથી અમલી બનાવવા માગતા હતા; તેઓ એક વખતે પાઠાન્તરનોંધણીની પધ્ધતિને યોગ્ય લેખતા હતા; તો પછી તેમણે પોતાની માન્યતા ફેરવી કેમ કાઢી ? સંભવિત છે કે કોઇ કારણસર એ પધ્ધતિનો તેઓ અમલ ન કરી શક્યા હોય ને તેથી નવા કૃતકસિધ્ધાંતના ઓઠા નીચે પોતાની અશક્તિને છાવરવાનો તેમણે ઇરાદો રાખ્યો હોય.

"અંબડ વિદ્યાધર રાસ" તથા "વિક્રમચરિત્રરાસ"માંનો સંપાદકે તૈયાર કરેલો તે તે કૃતિઓનો પાઠ પણ નોંધપાત્ર રીતે ખામી ભરેલો હતો એ બાબત એ બંને કૃતિઓનાં પ્રકાશિત પુસ્તકોમાં અનુક્રમે ડો. ભોગીલાલ સાંડેસરા અને ડો. રણજિત પટેલે જોડેલાં "પાઠશોધન" અને "શોધપત્ર"નાં પૃષ્ઠો જોતાં સ્પષ્ટ થઇ જાય છે. " He [Prof.B.K.Thakore] lacked the study of Apabhram'sa and old Gujarati then " - - ગુર્જરરાસાવલીના પ્રવેશકમાં મધુસૂદન મોદીએ કરેલું આ વિધાન ઉપર્યુક્ત બાબતના સંદર્ભમાં વિચારવા જેવું છે.[૪૨] "અંબડ વિદ્યાધર રાસ"ની વાચના તૈયાર કરવામાં ઠાકોરે અખત્યાર કરેલું જોડણીનું ધોરણ પણ વિવાદાસ્પદ કોટિનું છે. એ રાસના નિવેદનમાં તેમણે લખ્યું છે :

"પ્રતમાં તો છે માંન, જાણ, નાંમ, કાંન, પ્રણાંમ, આરાંમ, વષાંણ, આંણ, પાંન, સ્વાંમ, મૂલિઉં (મોળ્યું), મૂલ, (બાળક, મરાઠી-મૂલ), અસમાંનિ વગેરે, વગેરે ; આ અનુંસ્વારો કહાડી નાખ્યાં છે......"[૪૩] સંપાદકે કૃતિના મૂલ પાઠને તેમની નકલમાં યથાતથ ઉતારવો જોઇએ અને એ પાઠના જે અંશો સાથે એમને સંમત કે અસંમત થવા જેવું લાગતું હોય તે વિષેના તેમના પ્રત્યાઘાતોને તેમણે પ્રસ્તાવનામાં, ટિપ્પણમાં કે અન્યત્ર જ્યાં યોગ્ય લાગે ત્યાં સકારણ સ્પષ્ટ કરવા જોઇએ. જોડણીની કહેવાતી અતંત્રતાને સ્થાને એકહથ્થુ અણસમજુ જોહુકમીથી જોડણીનું એકસરખાપણું સ્થાપવાના વલણને "ધોકાપંથી" વલણ માનનારા તથા એક જ પ્રતમાં ફરી ફરી વપરાયેલા એકના એક શબ્દોની જોડણીમાં આવી ગયેલા વૈવિધ્યને કે અણસરખાપણાને તદ્દન સ્વાભાવિક માની લેનારા ઠાકોરે[૪૪] હસ્તપ્રતમાંની જોડણીને તેમની તૈયાર કરેલી નકલમાં શા માટે ફેરવી નાખી તે સમજી શકાય તેમ નથી. કોઇ પણ યુરોપીય લિપિ, એ જે ભાષાની હોય તે ભાષાના બધા જ ઉચ્ચારવિશેષોને વ્યાવર્તક રીતે લિખિત રૂપમાં મૂકવા સમર્થ નથી માટે યુરોપની ભાષાઓમાં જોડણીને કૃત્રિમ રીતે એકસરખી બનાવી દેવામાં આવેલી છે ; આપણે દેખાદેખી, ગુલામ માનસ કે હીન માનસથી આપણી ભાષાઓમાં યુરોપીય ભાષાઓનું અનુવર્તન કરવું વાજબી નથી કેમકે આપણી લિપિઓ આપણી ભાષાના તમામ ઉચ્ચારવિશેષોને વ્યાવર્તક રીતે લિખિત રૂપમાં મૂકી શકે તેવા સામર્થ્યવાળી છે ; એવો ઠાકોરનો મત હતો.[૪૫] એટલે એમણે સંસ્કૃતેતર અંશો જ્યાં જેમ બોલાતા હોય ત્યાં તેમ લખવાની ભલામણ કરી છે.[૪૬] જૂની ભાષાની હસ્તપ્રતોમાં જે જોડણી થયેલી જોવા મળે તેને જ સંશોધનાર્થે, નકલો કરતી વખતે સંપાદકે વફાદારીથી વળગી રહેવું જોઇએ ;

પરંતુ આધુનિક ભાષાઓમાં ઉચ્ચારાનુસાર જોડણી કરવાની બધાને છૂટ આપવામાં આવે તો ભાષાઓનું સર્વસંમત શિષ્ટમાન્ય વ્યવહારસુકર લેખનસ્વરૂપ અસ્તિત્વમાં ન આવે અને એને પરિણામે ભારે અતંત્રતા પ્રવર્તે. એક જ ભાષાપ્રાન્તના ભિન્નભિન્ન ભાષાકીય જનસમુદાયોના પારસ્પરિક સર્વસામાન્ય વ્યવહારની સુવિધાને માટે એ પ્રાન્તની ભિન્નભિન્ન બોલીઓમાંથી એક સર્વસંમત શિષ્ટ-માન્ય ભાષાસ્વરૂપનું ઉત્ક્રાન્ત થવું જેમ આવશ્યક બની રહે છે તેમ એકના એક શબ્દોનાં ને એકના એક વર્ણોનાં અનેક ઉચ્ચારણોમાંથી અમુક જ ઉચ્ચારવિશેષોને શિષ્ટમાન્ય ભાષાસ્વરૂપમાં સ્થાન મળતું હોવાથી એ ઉચ્ચારવિશેષો અનુસારની જોડણીને જ શિષ્ટમાન્ય સર્વસંમત ને પ્રમાણભૂત ગણવી પ્રાપ્ત, થાય છે. જોકે સૌ કોઈ જાણે છે કે ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ તો કોઇ પણ બોલાતી ભાષા અને કેવળ બોલાતી ભાષા જ સાચી ભાષા છે ને લખાતી ભાષા તો ઉપજાવેલી એક કૃત્રિમ વ્યવસ્થા છે; પરંતુ એ વ્યવસ્થાને પણ અમુક વ્યાવહારિક હેતુઓસર અનિવાર્યપણે ઉપજાવવી ને ચલાવી લેવી પડે છે એ હકીકત પણ એટલી જ સ્વીકારપાત્ર ઠરે છે. જો કે, પશ્ચિમમાં, જ્યાં જોડણીની ધોકાપથી એકતંત્રતા પ્રવર્તતી હોવાનું ઠાકોર માને છે ત્યાં પણ અલ્પશિક્ષિતોનાં હાથનાં લખાણોમાં જોડણીની એકતંત્રતા નહીં પળાતી હોવાના દાખલા જોવા મળે છે.

ઠાકોરે "આપણા જ્ઞાનભંડારોની હજારો બલ્કે લાખો પોથીઓમાં"ની જોડણીને "ઉચ્ચારણાનુરૂપ વ્યવસ્થાવાળી જોડણી" માની છે અને એ જોડણીમાં જ તેમણે "શાસ્ત્રીયતા અને વિશુદ્ધિ" જોઇ છે. ધોકાપથી જોડણીને શુદ્ધ માનવાના વલણને અશાસ્ત્રીય ઠરાવીને તેમણે એ પ્રતોમાંની જોડણી વડે નિર્દેશાયેલાં શબ્દરૂપોને

ક્રાંતિજન્ય અને સમુત્ક્રાંત રૂપો ગણાવ્યાં છે; એ શબ્દરૂપોને અપભ્રષ્ટ, ભ્રષ્ટ કે વિકૃત ગણવાના વલણમાં તેમણે અશાસ્ત્રીયતા જોઇ છે.[૪૭] ભાષાપરિવર્તનની સાહજિક પ્રક્રિયા અનુસારે કાલક્રમે ઉત્ક્રાંત થતાં આવેલાં શબ્દરૂપોને પણ શુદ્ધ શબ્દરૂપો તરીકે સ્વીકારવાનું વલણ શાસ્ત્રીય છે એની ના નથી; પરંતુ, બધી જ પ્રતોમાં બધા જ લહિયાઓએ કરેલી બધી જ જોડણીઓ ઉચ્ચારાનુસાર જ થયેલી છે એમ માની લેવું ઘણુંઘણું વધારે પડતું છે. આપણે ત્યાં આજે પણ હજારો ભણેલા માણસો (સાહિત્યના વાચનલેખનનો શોખ ધરાવનારા ઘણાઓનો જેમાં સમાવેશ થઇ જાય છે, તેમ જ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ગુજરાતી ભાષાસાહિત્યને મુખ્ય કે ગૌણ વિષય તરીકે લઇને ભણેલા કેટલાય જણનો જેમાં સમાવેશ થઇ જાય છે.) પોતાનાં હાથે લખેલાં લખાણોમાં જોડણીના શિષ્ટમાન્ય નિયમોનું ઉલ્લંઘન કરે છે. એવા ઉલ્લંઘનના દાખલાઓ અજ્ઞાન કે બેદરકારીનું પરિણામ હોય છે. એ દાખલાઓ સભાન રીતે પ્રયોજાયેલી ઉચ્ચારાનુસારી જોડણીના દાખલાઓ છે એમ છાતી ઠોકીને કહી શકાશે ખરું ? નહીં જ. જૂની હસ્તપ્રતોમાંના જોડણીવૈવિધ્યને તપાસતી વખતે આ મુદ્દો પણ ખ્યાલમાં રખાવો જોઇએ.

વળી, ઠાકોરનો જોડણી વિષેનો મૂળભૂત ખ્યાલ પણ કંઇક વિચિત્ર લાગે છે. તેમણે જણાવ્યું છે : "લક્ષ્મી શબ્દ લષમી, લષિમી, લાછી, લાચ્છી, લચ્છી, એ પાંચમાંથી ગમે તે જોડણીએ લખ્યો છે......"[૪૮] લષમી, લષિમી, લાછી, લાચ્છી અને લચ્છી તે શું "લક્ષ્મી" શબ્દની જુદીજુદી જોડણીઓ છે કે "લક્ષ્મી" શબ્દમાંથી ઉત્ક્રાંત થયેલાં - "લક્ષ્મી" શબ્દથી વિભિન્ન એવાં - પાંચ જુદાંજુદાં શબ્દરૂપો છે ? આમ ઠાકોરે એમની જોડણીચર્ચાના કેટલાક ભાગમાં શબ્દરૂપવૈવિધ્ય અને જોડણીવૈવિધ્ય વચ્ચે ગોટાળો કરી નાખ્યો છે.

ત્યાં તેમણે જોડણીવૈવિધ્યથી કલાકૃતિને થયેલા ઉપકારોની જે વાત કરી છે તે તત્ત્વતઃ તો શબ્દરૂપવૈવિધ્યથી સધાયેલી કલોપ-કારકતાની વાત છે.

આદર્શ સંપાદનગ્રંથોમાં સંપાદકો જુદીજુદી પ્રતો પરથી તૈયાર કરેલો પાઠાન્તરોની નોંધણી સહિતનો કૃતિઓનો મૂલ પાઠ, ઉપયુક્ત પ્રતોનાં વર્ણનો લહિયા લેખનસ્થલ લેખનવર્ષ રચનાવર્ષ રચનાસ્થલ કર્તાઓ (તેમનું વ્યક્તિગત જીવન ને તેમની સાહિત્યિક કારકિર્દી) કૃતિઓનાં સ્વરૂપ તેમની સાહિત્યિક પરંપરા વગેરેની માહિતીવાળી તથા એક જ વસ્તુ પરથી રચાયેલી ભિન્નભિન્ન કૃતિઓના કે એક જ કૃતિની ભિનનભિન્ન પ્રતોની વિશેષતાઓ-મર્યાદાઓના તુલનાત્મક અભ્યાસવાળી પ્રસ્તાવના, અગત્યના શબ્દોની સૂચિ, કૃતિઓને સમજવા મૂલવવામાં ઉપયોગી નીવડે તેવાં ટિપ્પણો, કૃતિઓની ભાષા વિષે વૈયાકરણિક નોંધો વગેરે સામગ્રી આપતા હોય છે. ઠાકોરની, આગળ ઉપર નિર્દેશેલી બંને ગ્રંથયોજનાઓની વીગતો જોતાં માલૂમ પડશે કે તેમને સંપાદનની ઉપર્યુક્ત બાબતોમાંથી ઘણીનો ખ્યાલ હતો. કંઇક વાર્ધક્યને કારણે ને કંઇક પાછળથી બદલાયેલાં વલણોને લીધે તેઓ "અંબડ વિદ્યાધર રાસ" અને "વિક્રમચરિત્રરાસ"નું સંપાદન પોતાના અસલના ખ્યાલ પ્રમાણે કરી શક્યા નહોતા.

આ બંને રાસનો તેમણે પાઠાન્તરો વગરનો મૂળ પાઠ તૈયાર કર્યો હતો. "અંબડ વિદ્યાધર રાસ"નું અંદરનું નામપૃષ્ઠ જોતાં જણાય છે કે તેઓ એમાં પાઠભેદોની ટીપ અને અપરિચિત શબ્દોની "અજ્ઞિકા" આપવા માગતા હતા. પાછળથી બદલાયેલા વલણને કારણે[૪૯] તેમણે પાઠભેદોની ટીપનો વિચાર પડતો મૂક્યો હોવો જોઇએ ; ઉક્ત

"અગ્નિકા" તેઓ વાર્ધક્યજન્ય અગવડોને કારણે નહીં આપી શક્યા હોય એમ લાગે છે. એ રાસમાં તેમણે એક અપૂર્ણ – જોકે પૂર્ણકલ્પ ગણી શકાય તેવું – નિવેદન આપ્યું છે. એ નિવેદનમાંના કેટલાક મુદ્દાઓની ચર્ચા આ પહેલાં આપણે કરી છે. એ સિવાય એમાં તેમણે કાવ્ય, કર્તા, કાવ્યની ભાષા, સંપાદનની પદ્ધતિ, હસ્તપ્રતો વગેરે-વિષયક માહિતી આપી છે; ઉપરાંત, એક જ કૃતિની એકાધિક પ્રતો લખાવાનાં કારણો, આપણે ત્યાં હસ્તપ્રતોની જાળવણીની ખામી-ભરેલી પદ્ધતિ, આપણાં જ્ઞાનભંડારોનું પરદેશી વિદ્વાનો તરફનું વહાલસોયું અને સ્વદેશી વિદ્વાનો તરફનું ઓરમાયું (ગુલામીપ્રેરિત) વર્તન વગેરે બાબતોની ચર્ચા પણ તેમણે ત્યાં કરી છે. મધ્યકાલીન સાહિત્યના સંશોધન સંપાદન વિષેનાં કેટલાંક દિશાસૂચન પણ ત્યાં તેમણે કર્યાં છે. ૧૯૦૯માં ભરાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન વખતે તેમને અખંડ વિદ્યાધર રાસની પ્રત હસ્તગત થઇ હતી તેને અંગેની વીગતો પણ તેમણે ત્યાં ઉલ્લેખી છે. નિવેદનના અંતભાગમાં થયેલા એક ઉલ્લેખ પરથી[૫૦] અનુમાની શકાય છે કે તેમણે એ રાસની ટીકા લખવાનું પણ ધાર્યું હતું પણ તેઓ એ લખી શક્યા હોય તેમ નથી લાગતું. "વિક્રમચરિત્ર રાસ" પણ તેઓ ટિપ્પણ પ્રવેશક આદિ સાથે[૫૧] બહાર પાડવા માગતા હતા પણ એ ટિપ્પણ પ્રવેશક આદિ તેમનાથી લખી શકાયાં હોય તેમ લાગતું નથી. વડોદરા વિશ્વવિદ્યાલયમાંના, ઠાકોરના હસ્તલેખોના સંગ્રહમાંથી વિક્રમચરિત્ર રાસની જે "મુદ્રણપ્રત" જોવા મળી છે તેમાં એ રાસ સાથે જોડવા માટેના ઠાકોરે લખેલા એક પરિશિષ્ટનાં કેટલાંક પાનાં પણ જોવા મળ્યાં છે. એ પરિશિષ્ટમાં "વિક્રમાદિત્ય (અને ભર્તૃહરિ)નો જન્મ" નામે એક જૂની જૈન કથા-નિકાનો મૂલ સંસ્કૃત ઉપરથી કરેલો અધૂરો તરજૂમો ઉતારેલો છે. એની પૂર્વનોંધમાં ઠાકોરે લખ્યું છે: "અમેરિકન પંડિત દા. ફ્રાંક્લિન એડ્ગર્ટન-સંપાદિત "વિક્રમ્સ એડ્વેન્ચર્સ" – હાર્વર્ડ ઓરિયેંટલ ગ્રંથમાલામાં

મણકા ૨૬ અને ૨૭-માં આ લઘુ રાસ ત્રણ પ્રતો ઉપરથી મૂલ સંસ્કૃત અને અંગ્રેજી તરજુમો પરિશિષ્ટ લેખે આપ્યો છે, તેનો આ ગુજરાતી તરજુમો કર્યો છે......" આ પરિશિષ્ટ માર્ચ, ૧૯૪૬માં લખાયું હતું; ત્યારે "વિક્રમચરિત્રરાસ"નો મૂળ પાઠ છપાઇ ચૂક્યો હતો; પરંતુ ત્યારે લખવા ધારેલાં ટિપ્પણો પછી કદી લખી શકાયાં નહોતાં ને તેથી એ ટિપ્પણો સાથે ઉક્ત પરિશિષ્ટને પણ પુસ્તકમાં સમાવવાની ઠાકોરની ઇચ્છા અધૂરી રહી ગઇ હતી.

"વિક્રમચરિત્ર રાસ"નો ઉલ્લેખ તેમણે "અંબડ વિદ્યાધર રાસ"ના નિવેદનમાં કરતાં જણાવ્યું છે કે "મડાપચ્ચીસી", "સૂડાબહોતેરી", "સિંહાસનબત્રીસી" વગેરેમાં અનેકાનેક આખ્યાનો લખનાર શામળે ઉક્ત બે રાસને અતિજૈન ગણીને ઉપયોગમાં લીધા લાગતા નથી.[૫૨] ઠાકોરના આ વિધાનને ડો. રણજિત પટેલે "વિક્રમચરિત્રરાસ"માંના તેમના ઉપોદ્ઘાતમાં વિક્રમચરિત્ર પૂરતો રદિયો આપી દીધો છે.[૫૩]

ઠાકોરના હસ્તલેખોના સંગ્રહમાંથી માંડણ કૃત શ્રીપાલરાસની (એનું બીજું નામ "સિદ્ધચક્રરાસ") પણ એક મુદ્રણપ્રત મળી આવી છે. એ રાસની કુલ ૨૬૦ કડીઓમાંથી પહેલી ચાળીશ કડીઓમાંથી કેટલીકનું જોડણીવિષયક ટિપ્પણ (જેમાંની વીગતો "અંબડ વિદ્યાધર રાસ"ના નિવેદનમાં રજૂ થયેલા જોડણીવિષયક વિચારોમાંના કેટલાક અંશોને મળતી આવે છે.) એ પ્રતમાં પાદટીપોના રૂપમાં લખાયેલું છે. ઠાકોરને એ રાસની પ્રત શનિવાર, તા. ૧૯-૩-૨૭ની સવારે મુંબઇમાં મોહનલાલ દલીચંદ દેસાઇ પાસેથી મળેલી; બાવીસમી તારીખની રાત સુધીમાં એની એક કાચી નકલ બનાવીને, એની અને મૂળ હસ્તપ્રતની સરખામણી તેમણે પછીના છ દિવસો દરમ્યાન રામલાલ મોદી, મોહનલાલ દેસાઇ અને મધુસૂદન મોદીએ ત્રણમાંથી

દરેકને અલગઅલગ મળીને કરી લીધી હતી. એ રાસની મુદ્રણપ્રતનાં પહેલાં બે પાનાંના પાછળના ભાગમાં વિશેષ નોંધો, "શબ્દકોષ", વૈયાકરણિક સમજૂતીને માટે પસંદ કરેલાં કેટલાંક શબ્દરૂપોની અને શબ્દોની છૂટીછવાઇ સૂચિ બનાવેલી છે. હસ્તલેખોના સંગ્રહમાંથી રૂપ બારોટકૃત "નલદવદંતી રાસ"ની પણ એક, મૂળ સાથે સરખાવીને "ફાઇનલાઇઝ" કરેલી નકલ (૧૯૨૭માં લખાયેલી અને ૧૯૨૮માં "ફાઇનલાઇઝ" થયેલી) મળી આવી છે. એ રાસની પ્રત પણ ઠાકોરને મોહનલાલ દલીચંદ દેસાઇ પાસેથી મળી હતી.

ઠાકોરને તેમના વ્યાવસાયિક જીવન દરમ્યાન મધ્યકાલીન સાહિત્યના સંશોધન-સંપાદનમાં રસ પડવા માંડ્યો હતો અને તેથી પહેલેથી એ વિષયની કોઇ સંગીન ભૂમિકા તેમની પાસે બંધાવા પામી નહોતી. એથી એ વિષયની બાબતમાં તેમને રામલાલ મોદી, મોહનલાલ દેસાઇ, મધુસૂદન મોદી, ભોગીલાલ સાંડેસરા, મુનિ પુણ્યવિજયજી પર કેટલોક આધાર રાખવો પડતો હતો ; મંજુલાલ મજમુદાર સાથે પણ ઠીકઠીક સંપર્ક તેમણે રાખ્યો હતો. ઠાકોરે રામલાલ મોદી પર લખેલા પત્રોમાં વિક્રમચરિત્રરાસની પ્રતો ને કવિતા[૫૪] વિષેના પત્રો છે, મુનિ પુણ્યવિજયજીની મદદ મેળવવા બાબતના[૫૫] પત્રો છે, ભોગીલાલ સાંડેસરાની વિદ્વત્તાને પ્રશંસાપૂર્વક પ્રમાણતા અને તેમની મદદ માગતા[૫૬] પત્રો છે, કે. હ. ધ્રુવની વિદ્વત્તાની હાંસી ઉડાવતો[૫૭] પત્ર છે, મટુભાઇ કાંટાવાળાના અશાસ્ત્રીય વલણ પર ટકોર કરતો[૫૮] યે એક પત્ર છે. એ જ પત્રમાં રામલાલ મોદીને ભાલણ અને અણહિલપુર પાટણ વિષેનાં તેમનાં પુસ્તકોની બીજી આવૃત્તિના પ્રકાશનની વ્યવસ્થા ડો. ભટ્ટાચાર્ય દ્વારા કરાવી આપવાનો પણ નિર્દેશ ઠાકોરે કર્યો છે. પ્રાચ્ય વિદ્યામંદિરના તે વખતના નિયામક ડો. ભટ્ટાચાર્ય ઠાકોરના ઘનિષ્ઠ મિત્ર હતા. એમને જૂની ગુજરાતીનાં સંપાદનો-પ્રકાશનો

બાબતમાં વખતોવખત સલાહ આપતા રહ્યાનો દાવો પણ ઠાકોરે તેમની બીજી ગ્રન્થયોજનાના, આ પહેલાં નિર્દેશેલા, મુસદ્દામાં કરેલો છે. ૫-૧૦-૪૯ના દિવસે મંજુલાલ મજમુદાર પર લખેલા. પત્રમાં ઠાકોરે પ્રેમાનંદ વિષે કેટલીક અગત્યની ચર્ચા કરી છે. પ્રેમાનંદને નામે ચઢેલી કૃતિ "માર્કંડેય પુરાણ"ને તેમણે છોટાલાલ માસ્તરની લખેલી હોવાનું, "પ્રાચીન કાવ્યમાલા"માં પ્રકાશિત થતા દરેક મધ્યકાલીન ગ્રન્થ પેટે સંપાદક-સંશોધકને અપાતાં ખર્ચ, પારિતોષિકાદિ મેળવવાને માટે છોટાલાલે પોતે લખી કાઢી હોવાનું; અથવા માર્કંડેય પુરાણમાંથી પ્રેમાનંદે રચેલાં નાનાંમોટાં છૂટાં આખ્યાનોને પોતાની ઉમેરેલી પૂર્તિઓ વડે સાંકળી લઇને છોટાલાલે એને ઉપજાવી કાઢી હોવાનું ઠાકોરે આંતરબાહ્ય પ્રમાણો વડે સાબિત કરવા એ પત્રમાં પ્રયત્ન કર્યો છે. મહાકવિ પ્રેમાનંદને નામે ચઢેલી "વિવેક વણજારો" અને "બાર માસ" એ બે રચનાઓ પણ તેમણે બીજા કોઇ પ્રેમાનંદની રચનાઓ હોવાનો સંભવ દેખાડ્યો છે. "હારમાળા"ને તેમણે એકાધિક કવિઓની રચના તરીકે ઓળખાવી છે. એ જ પત્રમાં તેમણે પ્રેમાનંદના જીવનની - નંદુરબાર સાથેના એ કવિના સંબંધની - કેટલીક વીગતો ચર્ચી છે; અને એને વિષે લોકમુખે ચઢેલી ચમત્કારકથાઓને એના જીવનચરિત્રની શ્રધ્ધેય શાસ્ત્રીય સામગ્રી તરીકે સ્વીકારવાનો ઇન્કાર કર્યો છે. મજમુદાર પર લખાયેલા તા. ૯-૫-૫૦-ના પત્રમાં તેમણે "વૈષ્ણવજન" પદ વિષે લખ્યું છે. હ્યૂ. આર. સ્કોટે તેમના ૧૯૧૧ના ભાષણમાં "વૈષ્ણવજન" પર ખ્રિસ્તી ધર્મની અસર હોવાનો નિર્દેશ કર્યો હતો; ઠાકોરે એ પદ પર સ્વામિનારાયણપંથી "સખી" કવિઓની અસર જોઇ છે. "સ્વામિનારાયણ પંથ પર સર્મન ઑન ધિ માઉન્ટ અને ક્રિશ્ચિયન એથિક્સની કેટલી કેવી અસર ક્યાંથી"

એ પ્રશ્ન એમણે ત્યાં ઉઠાવીને છોડી દીધો છે. "વૈષ્ણવજન"ને દલપતરામે રચીને કાવ્યદોહનમાં હારમાળાને અંતે મૂકી દીધું હોવાનો ઠાકોરને વહેમ હતો. એ જ પત્રમાં તેમણે અખાને "સાહિત્યકાર" – બિરુદ માટે અપાત્ર ઠરાવ્યો છે.

આમ ઠાકોરને કેવળ મધ્યકાલીન કૃતિઓના સંપાદનકાર્યમાં જ રસ હતો એમ નથી. એ યુગનાં સાહિત્યકારો ને સાહિત્યકૃતિઓ વિષે વખતોવખત ઉઠાવાતા પ્રશ્નોમાં પણ તેઓ રસ લેતા ; અગર એવા પ્રશ્નો એમના મનમાં પણ ઊઠતા અને એ વિષે ક્યારેક સામયિકોમાં જાહેર રીતે તો ઘણીવાર મિત્રો – સ્નેહીઓ સાથેના પત્રવ્યવહારમાં અંગત રૂપે તેઓ પોતાના અભિપ્રાયોને પ્રકટ કરતા હતા.

ooo——ooo

પાદટીપો:

૧ અંબાલાલભાઇ પાસેથી ઠાકોરે લીધેલા મંતવ્ય - "સાહિત્ય પ્રજાની વાણી છે" - નો ઉલ્લેખ નિવેદનમાં આવે છે. "કાન્તમાલા" માટેનું લેખકોની પસંદગીનું ધોરણ "આપણી કવિતા સમૃદ્ધિ"માંના કવિઓની પસંદગીના ધોરણને મળતું આવે છે.

૨ "કાન્તમાલા", નિવેદન, પા. ૬-૭

૩ સદર, પા. ૬

૪ સદર, પા. ૬

૫ "કાન્તમાલા"ના ત્રણસોઓગણીશમા પાન ઉપર શરૂ થયેલી પાદટીપનો ત્રણસોવીશમા પાન ઉપરનો ભાગ

૬ સાડત્રીશમો પત્ર, પા. ૩૪૪, બેતાળીશમો પત્ર, પા. ૩૪૭, છાસઠમો પત્ર, પા. ૩૫૭

૭ ઓગણપચાશમો પત્ર, પા. ૩૪૯-૩૫૦, પચાશમો પત્ર, પા. ૩૫૦

૮ "મ્હારાં સોનેટ" (૧૯૫૩), પા. ૧૯૨

૯ "આપણી કવિતા સમૃદ્ધિ", બીજી આવૃત્તિ, પા. ૧૪૧

૧૦ "આપણી કવિતા સમૃદ્ધિ", પહેલી આવૃત્તિ, નિવેદન, પા. ૮

૧૧ "આપણી કવિતા સમૃદ્ધિ", બીજી આવૃત્તિ, નિવેદન, પા. ૧૬

૧૨ સદર, નિવેદન, પા. ૧૩

૧૩ "આપણી કવિતા સમૃદ્ધિ" પહેલી આવૃત્તિ, નિવેદન , પા. ૫ ("ઉઘાડો શૃંગાર" આદિનાં ઉત્તમ કાવ્યગુણસંપન્ન કાવ્યો ગુજરાતીમાં કેટલાં? પણ એવાં કાવ્યોની નાપસંદગીનું કારણ ઠાકોરે એવાં કાવ્યોના અભાવમાં દર્શાવ્યું નથી, પરંતુ, અઘટિત રીતે, પોતાની અમુક અંગત અસાહિત્યિક ભાવનામાંથી જન્મેલી અરુચિમાં દર્શાવ્યું છે. એમ તો તેમણે ન્હાનાલાલની એકે ય અપદ્યાગદ્યકૃતિને પસંદ નથી કરી, પરંતુ એની પાછળ એમનું અમુક સાહિત્યવિષયક દૃષ્ટિબિંદુ કારણરૂપે રહેલું છે.)

१४ " Imagination and Fancy" (by Leigh Hunt), Fifth Edition, (1875), Preface P. IV-VI

१५ "આપણી કવિતા સમૃધ્ધિ", પહેલી આવૃત્તિ, નિવેદન; પા.૫, ૯, પ્રવેશક પા.૧૬

१६ "આપણી કવિતા સમૃધ્ધિ", પહેલી આવૃત્તિ, નિવેદન,પા.૫

१७ હવે પછી જે વિવરણો ઉલ્લેખાયાં છે તે ૧૯૪૬ના મુદ્રણમાંનાં સમજવાં, કેમકે ઠાકોરને હાથે થયેલું એ છેલ્લું મુદ્રણ હતું, એટલે એમાંનાં વિવરણોને ઠાકોરની મરજી મુજબનાં અંતિમ નિર્ણીત વિવરણો તરીકે લઇ શકાય એમ છે.

१८ "આપણી કવિતા સમૃધ્ધિ", પહેલી આવૃત્તિ, નિવેદન, પા.૮-૯

१९ "સાક્ષરજીવન", રમણીયરામ ત્રિપાઠીની પ્રસ્તાવના, પા. ૪

२० "સાક્ષરજીવન", પ્રવેશક, પા. ૧૮-૨૧

२१ "સાક્ષરજીવન", પ્રવેશક, પા.૨૪

२२ સદર, પ્રવેશક, પા. ૨૬
(ગો.મા.ત્રિ. એ જેમ "સાક્ષર દૃષ્ટિસોપાન" ગણાવ્યાં છે તેમ ઠાકોરે પણ ત્રણ પ્રકારના લેખકો ગણાવ્યા છે: "વિદ્યાપીઠભોગ્ય વાઙ્મય" લખનારા "વિદ્વાન શિષ્ટ વ્યુત્પન્ન લેખકો", "શિષ્ટ વિદ્વાનો અને એ વર્ગમાંના કલાકારો", "અધકચરું ભણેલા , લઇ દોડેલા" સાક્ષરપદલોભી લેખકો. ઠાકોર અને ગો.મા.ત્રિ.નાં આ વર્ગીકરણોની કંઇક તુલના થઇ શકે તેમ છે, એટલું સૂચવીને જ અહીં રહી જાઉં છું. ઠાકોરના ઉક્ત વર્ગીકરણ માટે જુઓ "પ્રવેશકો" ગુચ્છ ૧, પા.૧૪૬-૧૪૭)

२३ "સાક્ષરજીવન", પ્રવેશક, પા. ૧-૩

२४ સદર, પ્રવેશક, પા. ૪-૫, ૨૬

२५ સદર, પ્રવેશક, પા. ૫

૨૬ સદર, પ્રવેશક, પા. ૨૭–૩૯
૨૭ "પ્રવેશકો" ગુચ્છ ૨, પા. ૯૪
૨૮ સદર, પા. ૯૪
૨૯ સદર, પા. ૯૩
૩૦ ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્નો અહેવાલ અને નિબંધસંગ્રહ, અહેવાલ પા. ૨૦૧–૨૦૩
૩૧ "અંબડ વિદ્યાધર રાસ", નિવેદન, પા.૭–૮
૩૨ "વિવિધ વ્યાખ્યાનો" ગુચ્છ ૩, પા. ૧૭૧–૧૭૨, ૧૮૦–૧૮૧
૩૩ સદર, પા. ૧૭૧–૧૭૨
૩૪ ઠાકોરે ક.ન. જોષી પર તા. ૫–૭–૨૯ તથા ૨૦–૭–૨૯ના દિવસોએ લખેલા પત્રો.
૩૫ ઠાકોરે રામલાલ મોદી પર તા. ૧૭–૮–૩૮ના દિવસે લખેલો પત્ર
૩૬ ઠાકોરે ક.ન.જોષી પર તા.૧૦–૯–૩૧ના દિવસે લખેલો પત્ર
૩૭ ઠાકોરની સહીવાળો ૨–૯–૩૨ની તારીખવાળો એ યોજનાનો ટાઇપ કરેલો મુસદ્દો વડોદરાના જાણીતા ગ્રંથસંગ્રાહક શ્રી. રમણિકરાય શ્રી. દેસાઇની પાસેથી અમને પ્રાપ્ત થયો હતો.
૩૮ "ગુર્જર રાસાવલી", પ્રાચ્ય વિદ્યામંદિર, વડોદરા, (૧૯૫૬), પ્રવેશક, પા.૧
૩૯ "વિક્રમચરિત્ર રાસ", મ.સ. વિશ્વવિદ્યાલય, વડોદરા – – સંચાલિત "પ્રાચીન ગુર્જર ગ્રંથમાલા" દ્વારા પ્રકાશિત (૧૯૫૭)
૪૦ "અંબડ વિદ્યાધર રાસ", પ્રકા. પ્રબોધ બ. ઠાકોર, (૧૯૫૩), નિવેદન, પા. ૮, ૧૮
૪૧ સદર, નિવેદન, પા.૨૧–૨૨

૪૨ "ગુર્જર રાસાવલી" , પ્રવેશક, પા. ૧
(મ.સ. વિશ્વવિદ્યાલય પાસેના ઠાકોરના હસ્તલેખસંગ્રહમાંથી "વિક્રમચરિત્રરાસ"ની જે મુદ્રણપ્રત મળી આવી છે તેમાં તેમણે ઠેરઠેર સુધારાઓ કરીને તેને છેવટનું રૂપ આપેલું માલૂમ પડે છે. અને એવી સુધારેલી,છેવટનું રૂપ આપેલી મુદ્રણપ્રત પ્રમાણે અક્ષરશઃ "વિક્રમચરિત્રરાસ" છપાયેલો છે અને છતાં એ રાસમાં ડો. રણજિત પટેલને વિસ્તૃત "શોધપત્ર" મૂકવો પડ્યો છે, તે ઉક્તહકીકતનું સમર્થન કરતી બીના છે.)

૪૩ "અમ્બડ વિદ્યાધર રાસ", નિવેદન, પા. ૧૯

૪૪ સદર, નિવેદન, પા. ૧૫-૨૧

૪૫ સપ્ટેમ્બર, ૧૯૪૯માં 'Note to the Bombay, Government : Lipi reform Committee'નામક ખાનગી પ્રસાર માટે છપાવેલી એક લઘુપુસ્તિકામાં ઠાકોરે ગુજરાતી લિપિને દેવનાગરી લિપિ કરતાં વધુ સુવિધાવાળી, વધુ સુંદર અને ઉત્ક્રાંતિની દિશામાં વધુ વિકસેલી જણાવી છે.

(પ્રકરણમાં ચર્ચાયેલા, ઠાકોરના લિપિવિષયક વિચારોમાં તેમણે પાછળથી થોડો સુધારોવધારો કરેલો. આપણી લિપિમાં તીવ્ર અને કોમળ અનુસ્વારના ભેદો તથા વિવૃત અને સંવૃત ઉચ્ચારણના ભેદો દર્શાવનારાં અલગઅલગ લિપિચિહ્નોની વ્યવસ્થા નહીં હોવાનું તેમણે તેમના એક લિપિવિષયક હસ્તલેખમાં નોંધ્યું છે. કોમળ અનુસ્વાર માટે ટપકું અને તીવ્ર અનુસ્વાર માટે પોલું મીંડું, એ જ પ્રમાણે , સંવૃત એકાર દર્શાવવા સવળી માત્રા અને વિવૃત એકાર દર્શાવવા અવળી માત્રા વાપરવાની સૂચના તેમણે ત્યાં મૂકી છે.)

(ભાષા એક સજીવન પ્રવાહી વસ્તુ હોવાથી તે વખતોવખત ફેરફાર પામતી રહે છે, આથી કોઇ માણસ તેને માથે મનસ્વી

નિયતતા લાવનારાં આપખુદ નિયમનો લાદી શકે નહીં, એવી માન્યતા અનુસાર ઠાકોરે "જોડણીકોશ"માંના ગાંધીજીના વિધાન – "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી" –નો વિરોધ કરેલો. ભાષા પરિવર્તનક્ષમ છે એની ના નથી પરંતુ એ પરિવર્તનક્ષમતાને પોતાના નિયમો હોય છે, એ નિયમો ભાષાએ પોતાને માટે સ્વયમેવ ઉત્ક્રાન્ત કરેલા હોય છે, વ્યાકરણકાર કે ભાષાશાસ્ત્રી તો એ નિયમોને બાંધતો નથી પણ શોધી કાઢે છે. ભાષાશાસ્ત્રી કે વ્યાકરણકારની આવડત અને સૂઝ જેટલી કાચી તેટલું તેનું નિયમશોધન કાચું. એટલે વિકસતી ગવેષણા-શક્તિએ એ નિયમશોધન વધુ સાચું ને ચોક્કસ બનતું આવે. ઠાકોરે કરેલો ગાંધીજીનો વિરોધ અધિયુક્તિયાંવાળો ને તત્ત્વની કાચી પિછાનમાંથી ઉદ્ભવેલો છે. ગાંધીજીને પોતાનું વિધાન કેમ ઉચ્ચારવું પડ્યું તેનો જવાબ પ્રકરણના પ્રસ્તુત વિષયની ચર્ચાના ભાગમાંથી મળી રહેશે.)

૪૬ "અંબડ વિદ્યાધર રાસ", નિવેદન, પા. ૧૫–૧૭

૪૭ સદર, પા. ૨૦–૨૧

૪૮ સદર, પા. ૧૮–૧૯

૪૯ સદર, પા. ૨૧

૫૦ સદર, પા. ૨૨

૫૧ "આપણી કવિતા સમૃધ્ધિ" (૧૯૪૬); પા. ૨૪૮

૫૨ "અંબડ વિદ્યાધર રાસ", નિવેદન, પા. ૧૦

૫૩ "વિક્રમચરિત્રરાસ", ઉપોદ્ઘાત, પા. ૪–૫

૫૪ ઠાકોરે રામલાલ મોદી પર તા. ૬–૭–૩૮, ૧૭–૮–૩૮, ૩૦–૬–૩૮ના દિવસોએ લખેલા પત્રો.

૫૫ ઠાકોરે રામલાલ મોદી પર તા. ૧૭–૮–૩૮, ૨૬–૨–૩૨, ૩૦–૬–૩૮ના દિવસોએ લખેલા પત્રો.

૫૬ ઠાકોરે રામલાલ મોદી પર તા. ૩૦-૬-૩૮, ૨૯-૯-૩૩ અને ૧૦-૧૦-૩૩ના દિવસોએ લખેલા પત્રો.

૫૭ ઠાકોરે રામલાલ મોદી પર તા.૨૯-૯-૩૩ના દિવસે લખેલો પત્ર.

૫૮ ઠાકોરે રામલાલ મોદી પર તા. ૭-૧૨-૩૨ના દિવસે લખેલો પત્ર.

--oo--